**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫/– આજીવન ૨૫૧/–
વિદેશમાં વાર્ષિક રૂા. ૫૦૦/ (વિમાનથી) આજીવન ૫૦૦૦/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : ૨૪૭૧૨૩૦,૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો C/o ડૉ.બી.જે.જાગાણી, ૨૪–નાલંદા ટેનામેન્ટ, હિલડ્રાઇવ, ભાવનગર(ફોન-૨૪૭૧૨૩૦)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

You can know about Shree Mahatmaji & Shree Maa
from Website 'SWARGAROHAN.ORG'

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| વંદના | મા સર્વેશ્વરી | ૩ |
| જીવનના શ્રેયનું કામ | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| ૪૧૦૦ બાળકો દફતર ને ગરમ વસ્ત્રો પામ્યાં. | તંત્રી | ૧૩ |
| Van Vishram, Canada 2010 | Krupa | 18 |
| શ્રી લક્ષ્મીદેવીની પ્રાર્થના | મા સર્વેશ્વરી | ૨૪ |
| ગૃહિણીઓનો વસંતોત્સવ | જ્યોત્સ્નાબહેન ત્રિવેદી | ૨૫ |
| તમને જોતાં વેત જ | શ્રી યોગેશ્વરજી | ૩૦ |
| શ્રી યોગેશ્વરજીનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર | ડો.અરુણિકા મનોજ દરુ | ૩૨ |
| શ્રી મા અંગે નવરાત્રી નંદભુવનમાં આનંદોત્સવ | આશા ભક્ત | ૩૬ |
| My Visit to Fulwadi | Gopi | 42 |
| પાનખરમાં વસંત | જ્યોત્સ્નાબહેન ત્રિવેદી | ૪૫ |
| મા ગંગા અને પહાડી સૌંદર્યનું અદ્ભુત સ્થળ ફૂલચટ્ટી | અનીતા કણઝરિયા | ૫૦ |
| પ્રશ્નોત્તરી–સાચી સુધારણા | યોગેશ્વરજી | ૫૩ |
| પનામાનો પુણ્ય પ્રવાસ | મા સર્વેશ્વરી | ૫૬ |
| રસેશ્વરી | શ્રીયોગેશ્વરજી | ૬૧ |

# વંદના

જ્ઞાનીભક્ત શ્રી સુરેશભાઇ શાહે કેનેડામાં વસીને સત્સંગની પરબ માંડી.

ભક્તસેવક શ્રી ઘનશ્યામભાઇ દેસાઇએં સ્વર્ગારોહણમાં વસીને મૌનસેવાની પરબ માંડી.

બંને પરબના અમૃતપાન આજે પણ સૌને તૃપ્તિ ધરી રહ્યાં છે.

બંને સ્વજનોએ ૨૦૧૧ના જાન્યુઆરીમાં જાણે સાથે જ નિવૃત્તિ લીધી. એક વરસ વીતી પણ ગયું.

છતાં આપ બંનેના કાર્યની સુવાસ આપ અહીં જ છો એવી સતત પ્રણીતિ કરાવે છે.

આપ બંનેની સેવાને અમારા સૌના વંદન. સાથે આ અંક આપને અર્પણ કરીએ છીએ.

શ્રી વિમળાબેન શાહ પરિવાર—કેનેડા

શ્રી રંજનબેન દેસાઇ પરિવાર—ભાવનગર

સ્વર્ગારોહણ સ્વજન વર્ગ.

**—મા સર્વેશ્વરી**



# જીવનના શ્રેયનું કામ

**— યોગેશ્વરજી**

પણ જીવનના શ્રેયને માટે કામ કરવાનું કેટલું મુશ્કેલ છે! કેટલાક લોકો આ પ્રમાણે બોલી ઊઠશે. તેમને આપણે કહીશું કે, ભાઇ, મુશ્કેલ કાંઇ જ નથી. જીવનના શ્રેયનું કામ તો મુશ્કેલ નથી જ. તે કરવા માટે તો આપણો જન્મ છે. માનવશરીરની સાથે આપણી જાતનું શ્રેય કરવાની વૃત્તિ આપણને વારસામાં મળી છે. તે વૃત્તિને કેળવો ને પોષો, એટલે કામ ઘણું સહેલું થઇ જશે. જીવનના મંગલનો માર્ગ સરળ છે. તેને વધારે સરળ કરવા માટે કમર કસીને તૈયાર બનો. પ્રલોભનો ને વિઘ્નોની સામે અડગ રહીને પ્રગતિ કરતા રહો તો સમજાશે કે આત્મિક કલ્યાણના કામ જેવું સરળ કામ બીજું કોઇ નથી.

પરંતુ પરિસ્થિતિ જુદી જ છે. જે પોતાનું સહજ કર્મ છે, તેને ભૂલીને માણસ સંસારના અનેક અટપટા ને અવનવા વ્યવસાયોમાં પડ્યો છે. સંસારનું અવલોકન કરો તો આ વાત સહેજે સમજાશે. દુન્યવી પદાર્થોની તૃષ્ણામાં પડીને માણસ સંસારમાં ભારે પરિશ્રમ કરે છે ને અશાંતિમાં જીવે છે. ઈશ્વરના અનુરાગમાં મસ્ત બનીને ઈશ્વરને માટે જીવન જીવનારા માણસો આ સંસારમાં કેટલાં છે? પરમાત્માની પ્રીતિ કરીને પરમાત્માના સાક્ષાત્કાર માટે પરિશ્રમ કરનારા માણસો શું આગળીને વેઢે ગણી શકાય એટલા ઓછા નથી? વધારે ભાગના માણસો તો સંસારના મોહમાં જ મસ્ત છે ને જીવનના શ્રેયની સાધનાથી છેક અજાણ છે એ ઓછા દુઃખની વાત નથી?

ઉપનિષદ્‌માં કહ્યું છે કે, જીવનમાં બે માર્ગ છે. એક શ્રેય ને બીજો પ્રેય. એક આત્માના ઉદ્ધારનો અથવા પોતાની જાતના કલ્યાણનો માર્ગ ને બીજો સંસારના સુખનો માર્ગ. જે ડાહ્યો છે, વિવેકી છે, તે સમજે છે કે સંસારના સઘળા પદાર્થો ભેગા થાય, ને વિષયનું સંપૂર્ણ સુખ સાંપડી જાય, તો પણ માનવને શાંતિ મળે તેમ નથી કે જીવન પૂર્ણ ને મુક્ત થઈને સફળ થાય તેમ પણ નથી. શ્રી ને સંપત્તિથી સંપન્ન પુરુષોને પણ શાંતિની પ્રાપ્તિ માટે પરમાત્માની અનુભૂતિ કરવાના માર્ગે વળવું પડ્યું છે. એથી ઊલ્ટું, પરમાત્માનું શરણ લેનાર તેમજ આત્મિક કલ્યાણને માટે પ્રયાસ કરનારા, પુરુષો સંપૂર્ણ સુખી, શાંતિમય ને બડભાગી દેખાયા છે, વિવેકી પુરુષો આ જાણે છે ને તેથી જ પોતાના હિતનો વિચાર કરી, પોતાની જાતના મંગલનો માર્ગ સ્વીકારે છે. જે અવિવેકી ને ટૂંકી દૃષ્ટિવાળા છે, તે સંસારના સુખમાં મગ્ન બને છે, જીવનના ઉત્તમ લાભને ખોઈ બેસે છે.

આનો અર્થ એમ નથી કે સંસારના પદાર્થો, વ્યવસાયો ને વિષયોનો ત્યાગ કરીને માણસે કેવળ પરમાત્માપરાયણ થઈ રહેવું એમ આપણે કહીએ છીએ. ના, આપણું કથન તેવું નથી. માણસ પરમાત્મામય બને તે જરૂર ઈચ્છવાયોગ્ય છે. પણ બધા જ માણસો એક સાથે તેવા બની જશે એમ માનવું વ્યર્થ છે. તેમ થાય તો—પણ, સંસાર પ્રત્યે ઘૃણા જગાવવાની શિક્ષા નકામી છે. સંસાર પણ પરમાત્માનું જ સ્વરૂપ છે ને પરમાત્માની રચના છે એટલે તેનો તિરસ્કાર નકામો છે. સંસારના વ્યવહાર ભલે ચાલ્યા કરે; કળ ને કારખાનાં, રેલ ને સ્ટીમર ભલે પોતાની પસંદગી ને પદ્ધતિ પ્રમાણે આનંદ મેળવે; આપણને તેમાં કાંઈ જ હરકત નથી. આપણે તો એક જ વસ્તુ તરફ સૌનું ધ્યાન ખેંચવા



માગીએ છીએ કે આ જીવન કાંઈ સંસારના વ્યવસાયો કરવા ને સંસારનું સુખ ભોગવવા માટે જ નથી. તેની શક્યતા ને શક્તિ ઘણી ભારે છે. માટે તે દ્વારા સંસારનો આનંદ લેવાની સાથે સાથે ઈશ્વરનો પરમાનંદ પામવાનો પ્રયાસ કરો; અલ્પતા, અશાંતિ ને બંધનથી મુક્તિ મેળવો, ને આત્મિક કલ્યાણ પણ કરી લો. શ્રેય ને પ્રેયનો સમન્વય કરવાની અથવા શ્રેય ને પ્રેયની બંને પાંખે ઊડવાની શિક્ષા આપણે સામાન્ય માનવને આપીએ છીએ. અથવા કહો કે તે માટે નમ્રપણે ભલામણ કરીએ છીએ. આ ભલામણ કે શિક્ષા ગીતામાતાની શિક્ષા સાથે બંધબેસતી કે સુસંગત છે.

સાધના કરતાં કરતાં મૂંઝવણ થાય તો પત્ર ભગવાનને જ લખો. અંતરતમમાં બેઠાં છે તેને. ન ફાવે તો અમને લખી શકો. હેડ ઓફિસનું કામ બ્રાંચ ઓફિસો પણ કરે છે.

માનવનો સ્વધર્મ માનવતા. એ પૂર્ણરૂપે ખીલે તો પ્રભુતા બની જાય.

બધા સંતો પાસે જવા કરતાં, બધા સંતો જેની પાછળ પડ્યા છે તે સાચા સંત પ્રભુને—પાવરહાઉસને મેળવવા પ્રયત્ન કરો.

—યોગેશ્વરજી

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૪ જાન્યુઆરી—૨૦૧૨ અંક ૪**

## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**સ્થળઃ—૨, નરસિંહનગર, નારણપૂરા, અમદાવાદ**

**તા.૯/૪/૮૨ શુક્રવાર**

સવારે બધો ક્રમ નિયમિત રહ્યો. આજે ભોજનમાં પૂ.શ્રીએ ભાખરી ને શાક લીધાં. આજની મુલાકાતમાં વડોદરાથી જીતુભાઇનો ફોન હતો. જેથી તે વાતચીતમાં મુલાકાતના પ્રશ્નોની ચર્ચાની જાણ ન થઇ.

છેલ્લા બે પ્રશ્નો નીચે મુજબ હતાઃ—

પ્રશ્નઃ— આપની દિનચર્યા શું હોય છે?

પૂ.શ્રીઃ— તમે જ કહોને. અમે શું કરતા હોઇશું? આખો દિવસ કંઇ પત્તા રમાય એમ છે? કોઇ હોટલ ખોલાય એવું કાંઇ છે? અમે શું કરીએ તે તો સાથે રહેતા હોય તે વધારે જાણે ને જુએ. એટલે આપણે મા સર્વેશ્વરીને જ પૂછીએ.

એટલે સર્વેશ્વરી પૂ.શ્રીનો આખોયે નિત્યક્રમ વિગતવાર



જણાવે છે.

પ્રશ્નઃ— આપને વાંધો ન હોય તો આપ આપની ઉંમર જણાવશો?

પૂ.શ્રીઃ— એમ ગણો તો અમારી ઉંમર ૨ વર્ષ ને થોડા મહિનાની થઇ.

સૌને નવાઇ લાગે છે. સૌ પૂ.શ્રીની સામે જોઇ રહ્યાં છે.

પૂ.શ્રીઃ— ૧૯૭૯માં હાર્ટએટક આવ્યો. ડૉક્ટરોએ કહ્યું નહીં બચે. પ્રભુએ નવજીવન આપ્યું. તો ૨ વરસ થયાં કે નહીં! એટલે હું તો તમારા સૌ કરતાં નાનકડો બાળ છું.

સૌ એ વાત સાંભળી હસે છે.

પૂ.શ્રીઃ— અને એમ ગણો તો ૪૨ વરસ થયાં. ૧૯૪૦માં પ્રથમવાર હિમાલય ગયા ને સાધનાત્મક જીવન ત્યારથી શરૂ થયું તો ૪૨ વરસ થયાં.

અમે જીવનને નવી રીતે જ જોઇએ છીએ. બોલો, પૂછવાથી કંઇ ફાયદો થયો?

પ્રશ્નઃ— ઉચ્ચ સાધકોને આપ શિષ્ય બનાવો છો?

પૂ.શ્રીઃ— હું તો કોઇને શિષ્ય બનાવતો નથી. હું કોઇને શિષ્ય માનતો નથી. જેને જેને શ્રદ્ધા હોય તે પોતે પોતાની મેળે શિષ્ય માની શકે છે. તેને લાભ થયો હોય તો અમને ગુરુ માનવા તે સ્વતંત્ર છે, પણ અમે કોઇને શિષ્ય બનાવતા નથી.

પછી પૂ.શ્રીએ રામાયણની ચોપાઇઓનો કાવ્યાનુવાદ ગાઇ સંભળાવ્યો.

સૌની વિદાય પછી પૂ.શ્રીએ થોડો આરામ કર્યો. સાંજે ફરીથી પૂ.શ્રીએ લેખનકાર્ય કર્યું.

પ્રવચન નિયમિત રીતે થયું. પછી આરામ.

**તા. ૧૦/૪/૮૨ શુક્રવાર**

પૂ.શ્રી સવારે ઊઠે છે. સ્નાન પછી પોણો કલાક વ્યાયામ કરે છે. માથામાં તેલ નાંખી દે છે. લેખનકાર્ય માટે બેસવાની તૈયારી કરે છે પલંગ પર પલાંઠી વાળી દે છે. ઉપર ઓશીકા મૂકી પૂ.શ્રીની કલમ ચાલુ થઇ જાય છે. ૧૧ કલાક અને ૧૦ મિનિટ સુધી એ કલમ એકધારી ચાલ્યા કરે છે. રામાયણનું કાવ્યલેખન અને રામાયણની નોંધ પૂ.શ્રી કરી રહ્યા છે. ૧૧–૧૦ કલાક પછી ૧૦ મિનિટ આરામ કરી પૂ.શ્રી પોતે વીંટેલા નાના સફેદ લુંગી જેવા કપડાંને બદલે ધોતીયું પહેરી લે છે. હાથમાં માળા લઇ આંટા મારે છે.

સાડા અગિયારે બારણું ખોલ્યું. ભોજનના પદાર્થો આવી ગયા. આજે દૂધની વાનગી ને ખીચડી હતાં. પૂ.શ્રી ભોજન માટે બેઠા. ખાસ કાંઇ લીધું નહીં. ૧૨ સુધીમાં તો ભોજનમાંથી નિવૃત્ત થઇ ગયા.

મુલાકાતનો સમય બાર વાગ્યાનો છે. સખત તાપ હોય છે. છતાં મુલાકાતીઓ આવે છે.

સૌ મુલાકાતીઓ પ્રણામ કરી બેઠા છે. પૂ.શ્રી પલંગ પર બેઠા છે. સામે બધા બેઠક લે છે. સામાન્ય રીતે દરરોજ પૂ.શ્રી કહે કોઇને કંઇ પૂછવું હોય તો પૂછો. એમ કહેતા જ પ્રશ્નોત્તરી ચાલુ થઇ જાય.

આજે પૂ.શ્રીએ એમ ન કહેતાં સર્વેશ્વરીને ડાયરીની એક દિવસની નોંધ વાંચવાનું જણાવ્યું.

સર્વેશ્વરી ૮–૮–૮૧ની વિદેશયાત્રાની ડાયરીની નોંધ સૌને વાંચી સંભળાવે છે.



પછી પ્રશ્નોત્તરી શરૂ થાય છે.

અમદાવાદની જાણીતી શ્રેયસ હાઇસ્કૂલના આચાર્ય તરીકે ૧૫ વરસ રહી ચૂકેલા ભાઇ નિયમિત પૂ.શ્રીના સત્સંગ ને પ્રવચનમાં આવે છે. આજે પણ તેઓ આવ્યા છે. તેમણે પ્રશ્નની શરૂઆત કરી છે.

પ્રશ્નઃ– હું સ્વામી આત્માનંદ પાસે વિદ્યાર્થી અવસ્થામાં રહેલો. પછી ગૃહસ્થી બન્યો. પત્ની સાથે મનમેળ ન થતાં હિમાલય ગયો. ત્યાં એક સ્વામીજીએ સલાહ આપી કે પત્ની હોય, નાનું બાળક હોય તો તમારે ઘરની જ ફરજ બજાવવી જોઇએ, જેથી હું પાછો આવ્યો. એ વાતને વરસો વીતી ગયાં પણ હજી અમારે સ્વભાવની પ્રતિકૂળતા ઘણી છે. તો હવે મારે સંન્યાસ લેવો કે ગૃહસ્થી રહીને જ સાધના કરવી. આપ જે સલાહ આપશો તે માન્ય રાખીશ.

પૂ.શ્રીઃ– તમારે અહીંથી જવું કે રહેવું તે તમારા હાથની વાત હોય તો જાઓ. રહેવું કે જવું એ આપણા હાથની વાત નથી. દરેક જીવને પોતાનું પ્રારબ્ધ હોય છે. એટલે તે પ્રમાણે જ તે જીવે છે. તમે હિમાલય જઇ શક્યા નહીં. તેનો અફસોસ ના રાખો ને અહીં રહેવું પડે છે તેનું દુઃખ ન લગાડો. પ્રભુ તમને હિમાલયથી લાવ્યા તો તમે પણ વિવેકથી રહ્યાં જ ને! તમે વરસો સુધી શાળામાં બાળકોને સંસ્કાર સિંચન કરી સેવાનું જ જે કામ હતું તે તમે કર્યું.

વળી તમારો સંસ્કાર ગૃહસ્થાશ્રમનો હતો તેથી તમે આવ્યા. હવે પત્ની જો ખૂબ સારી હોત તો આજે તમને અહીં સત્સંગને બદલે સીનેમામાં બેઠા હોત. પત્ની અનુકૂળ નથી તો તમે થોડા અધ્યાત્મમાર્ગે વળી શક્યાને! એટલે પ્રભુની આપેલી દરેક વસ્તુ

તરફ શુભ દૃષ્ટિ એ જ જોતાં શીખો તો દુઃખ ન લાગે.

તુકારામે કહ્યું પ્રભુ તેં માનવ શરીર આપ્યું તારી કૃપા. સત્સંગ, ભજનની ઈચ્છા જગાડી તે પણ તારી કૃપા ને હે વિઠ્ઠલ તેં મને વઢકણી વહુ આપી તે તારી મોટી કૃપા છે.

જેથી તમે ઘરમાં રહો. જે પરિસ્થિતિ છે. તેમાંથી રસ્તાઓ કાઢજો.

મારો ૧૯૪૦ થી ત્યાગનો જે અનુભવ છે. તેને આધારે કહું છું. કે તમે ઘરમાં રહેજો. બહાર નીકળશો એટલે કોઇકને કોઇક સ્થાનમાં રહેવું પડશે. આશ્રમ, મઠના નિયમો પાળવા પડશે ત્યારે તમારું મન બળવો કરશે. એટલે રહેવાનું તો ઘરમાં જ.

હવે એક વચગાળાનો રસ્તો બતાવું. ઘરમાં રહીને વરસમાં એક બે વાર બહાર થોડા દિવસ સત્સંગ એકાંત સાધન ભજન માટે બહાર જવું. પણ કપડાં ન બદલવાં. ઘરમાં જ રહેવાનું. ચાર છ મહિને ગુજરાતના કોઇ પવિત્ર સ્થાનમાં થોડા દિવસો રહી આવો. નડીયાદ સંતરામમંદિર, ઉત્કંઠેશ્વર મહાદેવ, ચાણોદ કરનાળી છે. ગંગનાથ વગેરે સ્થાનોમાં થોડો સમય આનંદ આવશે.

બીજા એક ભાઇ પ્રશ્ન પૂછે છેઃ– અમારો એક સગાનો છોકરો ૧॥ વરસથી ઘર છોડી જતો રહ્યો છે. તો તેને અમે શોધીએ કે તે આવશે?

પૂ.શ્રીઃ– આ વિષય મારો નથી. જોષીનો છે. છોકરો ખોવાયો તો શોધ તપાસ કરવી જોઇએ. લોકો એક નાની ચાવી ખોવાઇ કે બકરી ખોવાઇ તેની જાહેરાત આપે છે તો છોકરાની જાહેરાત આપવી જ જોઇએ ને?

મુલાકાતનો સમય થઇ ગયો. સૌ પ્રસાદ લઇ ઊભા થયા ત્યાં



દિવ્યજીવન સંઘની અમદાવાદ શાળાના પ્રમુખ શ્રી લક્ષ્મીકાંત દવે પૂ.શ્રીને મળવા આવે છે. તેઓને ઉતારો શોધતાં મોડું થયું હતું. પૂ.શ્રીએ તેમની લીધે ૧૫ મીનીટ વાતો કરી. તેમને બે પુસ્તકો ભેટ આપ્યાં. સૌએ વિદાય લીધી.

પૂ.શ્રીએ વર્તમાન પેપર ઉપર નજર નાંખતા થોડી મિનિટ આરામ કર્યો. જપ કર્યા લેખનકાર્ય કર્યું.

આજે સર્વેશ્વરી પોતાના કામ માટે બહાર જાય છે. પાંચ વાગ્યે આવી જવાનું બને છે. સાંજે પ્રવચનમાં જતા પહેલાં પૂ.શ્રી રાષ્ટ્રીય શાળા રાજકોટના સંચાલક શ્રી પુરુષોત્તમભાઇ ગાંધીના પત્રનો જવાબ લખાવે છે. પછી બે ત્રણ બહારના મુલાકાતીઓ સાથે માતાજીની સર્વેશ્વરીની વાતો કરે છે. તે ભાઇને એક સરળગીતા ભેટ આપે છે.

પ્રવચન સ્થળે સમયસર પહોંચી જવાનું બને છે. આજે પ્રવચન બાદ ઉતારા ઉપર આવતાં શ્રી ઈશ્વર પેટલીકર સાથે પૂ.શ્રી થોડી સમાજની વાતો કરે છે.

ઉતારા ઉપર આવી પૂ.શ્રી બટાકાવડા, ટામેટાનો કેચઅપ ને દૂધ લે છે. છેલ્લા આઠ દિવસથી પૂ.શ્રી સાંજે આ એક જ વાનગી લે છે. ફીશરની તકલીફ હવે નહીવંત્ છે. અમદાવાદનું પાણી પૂ.શ્રીને અનુકૂળ પડ્યું લાગે છે.

આજકાલ પૂ.શ્રીથી ખાસ ખોરાક લેવાતો નથી. જેથી થોડો થાક પ્રવચન પછી અનુભવે છે. છતાં લેખનકાર્ય નિયમિત ચારેક કલાક કરે જ છે. આળસ, થાક, કંટાળો એમાં અનુભવતા જ નથી. નિયમિતતાનો મહાન આદર્શ પોતના જીવનમાં ખૂબ જાગૃત રહીને પૂ.શ્રી પાળે છે.

(ક્રમશઃ)

# ૪૧૦૦ બાળકો દફતર ને ગરમ વસ્ત્રો પામ્યાં.

**સંકલન—તંત્રી**

સ્વર્ગારોહણ, અંબાજી માતૃતીર્થની આસપાસનો આદિવાસી વિસ્તાર એટલે ગરીબો ને અભાવોની વચ્ચે વસતા માનવોનો વિસ્તાર.

આઝાદી પછી આ વિસ્તારની આ પ્રજામાં શિક્ષણનો સૂરજ ઉગ્યો એટલે પ્રાથમિક શાળાઓ શરૂ થઈ. નાનાં બાળકો પણ અક્ષરજ્ઞાન પામવા લાગ્યાં. પરંતુ પેઢીઓ જૂની ગરીબાઈ એમનો કેડો છોડતી નથી. કારણ કે અહીં આદિવાસી પ્રજા માટે આજિવિકાનું ખાસ સાધન નથી. છે તો દૂબળી પાતળી ખેતી કે જંગલના લાકડાના ભારાઓનું વેચાણ. જો કે હવે આરસનો ઉદ્યોગ થોડો વિકસ્યો છે.

પૂ.મા સર્વેશ્વરીના સાન્નિધ્યમાં આ વર્ષે ડીસેમ્બરના અંતમાં જે સત્કર્મોનું આયોજન સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું. તેમાં પ્રધાનતઃ પ્રાથમિક શાળાઓમાં ભણતાં આદિવાસી ભૂલકાંઓને ઠંડીની પીડાથી બચાવવાનું મુખ્ય ધ્યેય રખાયું, એથી અંબાજી આસપાસનાં ૧૭ જેટલાં ગામોનાં લગભગ ૪૧૦૦ બાળકોને ગરમ સ્વેટર, ટોપી, સ્કાર્ફ વગેરે મળ્યાં. ધોરણ ૧ થી ૫ સુધીનાં આ નાના બાળકો સાચે જ આવી સહાયને પાત્ર લાગ્યાં. શિયાળાની આ કડકડતી ઠંડીમાં પણ તેમના શરીર પર માત્ર ને માત્ર એક વસ્ત્ર જ દેખાતું. આ બધાં જ બાળકોમાં ભાગ્યે દસ ટકા જેટલાં બાળકોને ફાટ્યું તૂટ્યું ગરમ વસ્ત્ર જણાતું. એમને જોતાં જ આપણને થઈ આવે કે શું આ બાળકોને ઠંડી નહીં વાતી હોય! ઠંડી તો સહુને લાગે, પરંતુ આર્થિક અભાવના કારણે બીચારાં કરે પણ શું? ક્યાંક એવું પણ હોય કોઈ વ્યસનને



લીધે દારૂમાં પૈસા વેડફાતા હોય, પણ બાળકોના ભણતર કે વસ્ત્રોની જરૂરિયાતની ઉપેક્ષા થતી હોય. સદ્‌ભાગી ગામોનાં નામ નીચે પ્રમાણે છે.

ખંધોર, ઉમરી, વડવેરા, સુલતાનપુરા, તોરણીયા, કણબીયાવાસ, તારંગડા, ચોરી, ધર્નાપીપળી, કાનાદેવી, પાડાપાત, બેગડિયાવાસ, કુવારસી, કોશીયા, કંગાલ, કેસરપુરા, રબારીવાસ, તળેટી વગેરે.

આ સત્કર્મોમાં પૂ.માએ બે વિભાગ રાખ્યા મોટું સત્કર્મ અને નાનું સત્કર્મ. દાનમાં તમે શું આપો છો તેનાથી લેનારને જરૂર ફરક પડે, પરંતુ ભગવાનની દૃષ્ટિથી તો ભાવ જ મુખ્ય છે. જેની પાસે થોડું છે, પણ ભાવથી આપો.

જેઓએ મોટા સત્કર્મ માટે વધુ પૈસા આપેલા તે રકમમાંથી દરેક બાળકને ગરમ સ્વેટર, ટોપી ને સ્કાર્ફ, ભણવાનું સરસ દફતર, કંપાસમાં પેન્સીલ, રબર, સંચો ને ફૂટપટ્ટી, શરીર લુછવાનો ટુવાલ, ડીશ ને પ્યાલો. આ ઉપરાંત સીંગની ચીકી ને વેફર.

તો નાના સત્કર્મથી બાળકને જે મળ્યું તેમાં નાહવાનો સાબુ, તેલની બાટલી, કાંસકો, નાની ટૂથ પેસ્ટ, બ્રશ. જેથી બાળક રોજ દાંત સાફ કરતાં અને નાહતા શીખે.

હવે તમે કલ્પના કરો કે શું આટલી બધી વસ્તુઓ એમનાં જીવનમાં આ બાળકો કદી પણ પામવાના હતાં ખરાં? કદી નહીં. કિન્તુ સર્વમંગલના પ્રયાસને લીધે સ્વર્ગારોહણે અંબાજીના અક્ષરોવાળું મજાનું દફતર તો એ બાળક પૂરું ભણી રહેશે ત્યાં સુધી ચાલશે, તેવું મજબૂત ને સરસ છે.

ચાલો હવે એ જોઈએ કે આ સત્કર્મ કોણે કર્યાં.

## તા. ૨૩–૧૨–૨૦૧૧ થી ૩૦–૧૨–૨૦૧૧ સત્કર્મ

### મોટા સતકર્મના સહાયકો

| તારીખ | મોટું સત્કર્મ કરનારનું નામ | સ્થળ |
|---|---|---|
| ૨૩–૧૨ | તેજસ–નિધિ–ગૌતમકુમાર ભટ્ટ | અમદાવાદ |
| ૨૩–૧૨ | ગૌરાંગ શાહ | વસાદ |
| ૨૪–૧૨ | પૂજા–મૈત્રી–જ્યોત્સનાબેનની દીકરીઓ | મુંબઇ |
| ૨૪–૧૨ | દક્ષાબેન–શારદાબેન રંજનબેન | કેનેડા |
| ૨૫–૧૨ | રૂક્ષ્મણીબેન | કેનેડા |
| ૨૫–૧૨ | રક્ષિતા–સમીત | મુંબઇ |
| ૨૬–૧૨ | જયશ્રીબેન વોરા–બાબુભાઇ વોરાનાં દીકરી | અમદાવાદ |
| ૨૬–૧૨ | રોહિતભાઇ રૂક્ષ્મણી | |
| ૨૭–૧૨ | પદ્માબેન–વાસુદેવભાઇ | કેનેડા |
| ૨૭–૧૨ | શકુંતલાબેન | પનામા |
| ૨૮–૧૨ | ડૉ. કનુભાઇ ઠક્કર પરિવાર | અમદાવાદ |
| ૨૮–૧૨ | ડૉ.ગોવિંદભાઇ આંકોલિયા | ભાવનગર |
| ૨૯–૧૨ | જગદીપભાઇ–નયનાબેન–વતી (સોનલબેન) | (યુ.એસ.એ) કર્પૂરવન |
| | ઈલાબેન બચુભાઇ | કર્પૂરવન |
| ૩૦–૧૨ | સુખલાલભાઇ | મોરબી |
| ૩૦–૧૨ | પ્રભાબેન ગોવિંદજી પટેલ | સુરત |

**મોટાં સતકર્મઃ–** દફતર, કંપાસ, ટૂવાલ, ડીશ, બિસ્કીટ, ગ્લાસ, વેફર, ચીકી, સ્વેટર, સ્કાર્ફ–ટોપી.



### નાના સતર્કમના સહાયકો

| તારીખ | નાના સતર્કમ કરનારનું નામ | સ્થળ |
|---|---|---|
| ૨૩–૧૨ | પ્રેરણાબેન ત્રિવેદી | વડોદરા |
| શુક્રવાર | શિતલબેન(U.S.A) | અમદાવાદ |
| ૨૪–૧૨ | દક્ષાબેન | મુંબઇ |
| શનિવાર | નિલેશભાઇ કણઝારિયા | ભાવનગર |
| ૨૫–૧૨ | ઉર્વશીબેન ચુડાસમા | અંજાર |
| રવિવાર | મુંબઇ ધ્યાન કેન્દ્ર | મુંબઇ |
| ૨૬–૧૨ | ચિરાગભાઇ | |
| સોમવાર | ખંજનબેન(કેનેડા) | અમદાવાદ |
| ૨૭–૧૨ | પદ્માબેન ભોગીભાઇ | અમદાવાદ |
| મંગળવાર | (U.S.A) | |
| ૨૮–૧૨ | કીર્તિબેન નરસાઇ | અમેરિકા |
| બુધવાર | પ્રવીણભાઇ ભાવસાર | વડોદરા |
| ૨૯–૧૨ | હેમાલીબેન(U.S.A) | |
| ગુરુવાર | ગુલાબબેન(પનામા) | કપૂરવન |
| ૩૦–૧૨ | પ્રભુદાસભાઇ પટેલ | જયપુર |
| શુક્રવાર | હેમાલીબેન | U.S.A |

**નાના સતર્કમઃ–** સાબુ, ટૂથપેસ્ટ, બ્રશ, તેલ, કાંસકો.

તા. ૨૬/૧૨ના સત્કર્મ પ્રસંગે પૂ.માએ શ્રી બાબુભાઇ વોરાની સેવાઓને પણ ખૂબ સરસ રીતે બીરદાવી.

તા. ૨૮મીના રોજ શ્રી ભાર્ગવભાઇ ઠક્કરનું તેઓની સફળતા અંગે વિશેષ સન્માન થયું.

બાળકોને જ્યારે પૂ.મા આટલું બધું આપે, તો શિક્ષકો થોડા રહી જાય? તેઓ સહુને પણ પૂ.માનો પ્રસાદ તેમને ઉપયોગમાં આવે તેવી વસ્તુઓનો મળ્યો.

સત્કર્મો માટે વસ્તુઓની ખરીદી, તેની ગોઠવણી, વહેંચણી વખતે અનેક સાધકભાઈ બેનોનો સહકાર સાંપડ્યો, તે સહુ પણ પ્રભુની કૃપાનાં અધિકારી છે. તેઓના સહકાર વગર આવું મોટું કામ કદી આયોજી ના શકાય.

અંબાજીમાં સ્વર્ગારોહણ પાછળ એક પ્રાથમિક શાળા ચાલે છે. તેનો ખ્યાલ આવતાં જ હરિદ્વાર લઈ જવા માટે તૈયાર કરેલ પારસલો છોડી નાંખી અહીંના આ સો ઉપરાંત બાળકોને ઉપરોક્ત બધી વસ્તુઓ આપી ખૂબ ખુશ કરી દીધાં! 'જેના ભાગ્યનું જે હોય તે તેને મળેજ', ઉક્તિનું અહીં દર્શન થયું.

સત્કર્મોના કાર્યક્રમો દરમ્યાન રોજ કોઈ ને કોઈ સાધક ભાઈ કે બેન તરફથી મિષ્ટાન્ન ભોજન પણ સાધકોને મળતું.

તા. ૨૮મીના રોજ મોરબીથી પચાસ જેટલા સાધકભાઈબેનો બસ કરી સ્વર્ગારોહણની યાત્રાએ આવેલા. તેઓ પણ આ દિવસના સત્કર્મોમાં જોડાવા ભાગ્યશાળી થયા. જાણે તેમના ભાવનું ફળ પામ્યાં.

તા. ૩૦ ડીસેમ્બરના રોજ અંબાજીની પદયાત્રા જેમજ ૧૩ જેટલા ભાઈઓ ઝણોર(ભરૂચ પાસેથી) ૪૧૨ કિલોમીટરની પદયાત્રા કરી પૂ.માના દર્શને આવ્યા. આ યાત્રાના પ્રયોજક હતા ઝણોરના ડૉ. નિર્વિકલ્પ. જેઓ છેલ્લાં કેટલાંક વર્ષોથી અંબાજીની ભાદરવાની પદયાત્રા વખતે પદયાત્રીઓને સ્વર્ગારોહણને આંગણે નિષ્શુલ્ક દાક્તરી સેવા આપે છે. તેમની ટીમ સાથે આવીને તેઓની આ સેવામાં પૂ.મા પ્રભુ પ્રત્યેની અનન્ય શ્રદ્ધા ભક્તિનું દર્શન થાય છે. જો કે પૂ.માએ પદયાત્રીઓને પદયાત્રામાં શક્તિ ખર્ચા કરતાં શાંત બેસી અનુષ્ઠાણ કરવું વધારે હિતાવહ છે એવું સૂચન કર્યું હતું.



# Van Vishram, Canada 2010

**Krupa**

(Van Vishram, in Arden, Ontario Canada is situated in a jungle on a bank of a beautiful lake, which reminds one of the Himalays and the Holy Gang River. Very shorty after landing in America, Pujya Maa came to Canada on April 18, 2010 to complete her 13 Crore Japs. There are approximately 12–15 devotees in Van Vishram. Krupa, granddaughter of Sri Sureshbhai, founder of Toronto Dhyankendra, is the first student who got a chance to take part in sannidhi Sadhana with Maa. In this article, Krupa describes, how uplifting Van Vishram has been for her.)

Pujya Maa

Firstly I wanted to thank you for giving me the opportunity to attend this Sadhna. This year (more than any other in my lifetime) I felt the need to obtain peace and satisfaction in my life. I felt as if things were not right in almost every area of my life. I realized with Maa's grace that in order to achieve this satifaction and peace, a few things needed to be done, a few changes needed to be made. I looked at all the parts of

my life and wanted to get rid of all the negativity.

So I started off with making social changes. Some of those changes occurred on their own which hurt beause they were unexpected and I lost what I thought were "good friends". Yet I knew deep inside it was for the better. It's funny how human beings realize things after the fact. For example, I wish I had realized that certain people/things in my life weren't a positive influence on me instead of going through a bad experience. However, I suppose this is necessary in order for us to learn.

My mom always gave me an advice whenever I felt down, about my friends. She would say "We spend a time on friends and people in our lives and often we face disappointment. Why not direct that energy towards God and praying! You'll never be disappointed."

It is only recently I came to realize how true this statement is. I even came across a saying by Pujya Maa while reading a book during my stay in Van Vishram.

**"No individual can satisfy world. Rather, make efforts only to satisfy the creator of this world."**

What I realized through these experiences



and my readings is that no matter who may be in your life, God has the most powerful infulence. If you have faith God will be the most positive infulence in your life.

Lately due to an injury I have felt very uneasy about school and work. I was forced to drop the full course load in my 2nd semester. I never realized my desire and passion for learning until it was removed from my life. I felt as if I had too much time on my hands to do nothing and that there was so much more to learn. So I decided to fill all my learning gaps which was hard to do at first, due to the pain and lack of concentration or rather ability to concentrate.

But I knew I had to push myself. That's one thing we always see in Maa: Preservance. I knew I had to studying and work hars to fill any learning gaps. These would be times where I would cry in frustration beause what originally took me 5 or 10 mintues to read (ie pragraph) would that take me 20–25 minutes and I would lose patience.

Those kind of days would make me want to put my books away and not look at them for days. But I had to prove to myself and my school that I could maintain my grades and finish all my work, so that they would let me

back in full time for May. Eventually I got back on track by being patient and praying. I started going to the library almost daily and was able to study just a little bit more than the previous day. Thanks to Maa I grew more confident in myself and my capability to study, ultimately completing the term with good grades and the year with a good GPA.

Lastly I looked at the part of my life which holds together all the other ones; spirituality and faith, in otherwords Pujya Maa. I wanted to make a few changes and increase my knowledge on how to discipline myself when it comes to praying and concentration, and just better myself as a devotee. And as always Pujya Maa answered her child's prayers. Just a few days after, the email was sent out by Anilkaka regarding the Sannidhi Sadhna, I remember reading the email and before I could even finish I began to think of dates that were available and responded right away! Then I thought please let Maa accept these dates. I was worried beause the minimum stay was I week and I couldn't stay a full week due to work. Fortunately, Maa accepted these dates.

As soon as we arrived to our destination, a peaceful feeling took over my mind. Even though Pujya Maa wasn't there, yet it felt like just



the right environment. We spent Saturday hoping Pujya Maa would come and set up. But Pujya Maa avoived next day just beforur noon. We found out that Pujya Maa had left at 2:00am, so that she would be here! I cannot think of anyone who would ever do such thing for a group of people. I knew this Sadhna was going to be very different as Pujya Maa had a goal to achive. The chance to see Maa, one on one would be rare. However, I was very fortunate to receive this time with Maa, and to do seva for her. Even though I couldn't ask Maa personal questions, everything she would say or put on (EG. Video) would answer my question. I remember just briefly telling her a book I read that was very motivational and she told me right away to keep it! Then I remember one of the quotes or saying of Pujya Maa, "Whatever you find inspiring, motivational, read over and over again." Again this was another hint towards improving concentration, faith, etc.

One major message I continually received and am taking away from this Sannidhi Sadhna Van Vishram with Maa is discipline. In order to succeed in anything in life one must remain disciplined and who better is an exmple of this than Pujya Maa herself! If you read about Her there are many times where she has shown

discipline. For example, she will not sleep until all her prayers are done for the day! And that is just a minor example. The hardest part is to remember to discipline yourself in the world and society when Pujya Maa is physically not around you. Rememer to hold on to your moral and values no matter what the situation may be, maintain that discipline no matter where you are and who you are with. You'll see that discipline will soon become a habit, an innate characteristic.

Pujya Maa thank you for continuously guiding me. Even when you have so much to do, you always find time to guide your children and sort out the dilemms in their lives.

Jai Krupalu Maa.

Krupa, Canada

April 21, 2010.

બીલીપત્ર એટલે સત્ત્વ–રજ–તમવાળું મન પ્રભુને અર્પણ કરો.

આપણે ભારતરત્ન બનીએ કે ન બનીએ. રત્ન જેવું જીવન બનાવીએ એ જરૂરી.

જપ સેતુ છે તેનો આધાર લઈને સર્વેશ્વર સુધી જઈ શકાય.

મનને રસ લગાડો પ્રભુનામનો. પ્રેમથી એકાગ્ર થવાય.

**–યોગેશ્વરજી**



# શ્રી લક્ષ્મીદેવીની પ્રાર્થના

જે દેવી આ સુષ્ટિમાં લક્ષ્મીરૂપે વસી રહી,
આશીર્વાદ ધરો અમને પ્રાર્થીએ ચરણે નમી.

ધર્મનીતિ તણા માર્ગે પધારો પ્રેમથી અહીં,
સત્કર્મ સદા રહેજો ધન ધાન્ય ભરી અહીં.

દારિદ્રય દુઃખ હરનારી, સર્વસંકટ હારિણી,
શુદ્ધ બુદ્ધિ દઈ અમને રિદ્ધિ સિદ્ધિ ધરો બધી.

સુખ શાંતિ સદા ધરજો નિત્ય રહેજો અહીં વળી,
આનંદ કલ્યાણ ધરનારી વરજો અમને જરી.

ત્રિનેત્રી, તારીણી દેવી લક્ષ્મીજી મોક્ષદાયીની,
સ્વીકારો પ્રેમથી પૂજા પ્રસન્ન બનજો જરી.

જાણ્યે અજાણ્યે હે દેવી સન્માન્યા જો નહીં કદી,
બાળ જાણી ક્ષમા કરજો શિક્ષા ધરજો ફરી ફરી.

ચંચલા ચપલા શિવા અમૂલ્ય મૂડી રંકની,
સર્વેશ્વરી સદા વંદે શુભ કરજો શુભેશ્વરી.

**–મા સર્વેશ્વરી**

(૮/૧૦/૯૬)

# ગૃહિણીઓનો વસંતોત્સવ

– સંકલનઃ– શ્રી જ્યોત્સનાબહેન ત્રિવેદી

(યુવાન ગૃહસ્થી બહેનોની સાતદિનની શિબિર, પૂ.માએ કરી. આ બહેનો પરિવારવાળી, છતાં પૂ.માએ તેમને એકલાં બોલાવી, જાણે ભગવાન કૃષ્ણની રાસ લીલા જેવી ધન્યતાનો અનુભવ કરાવ્યો.

આપણે જાણતા નથી કે ભગવાન કૃષ્ણએ કેટલી ગોપીઓને રાસમાં આમંત્રી, ને કેટલો સમય રાસમાં પોતાના પરમ સાન્નિધ્યનું સુખ આપ્યું. પરંતુ અહીં તો પૂ.માએ આ ભાગ્યશાળી બહેનોને, ઘર, વર ને સંતોનોને છોડી જાણે એકલા જીવને– શિવનું સાન્નિધ્ય આપી કૃત્યકૃત્ય કરી દીધી. દરેક જીવનું એક માત્ર પ્રયોજન પ્રભુની પ્રાપ્તિ છે એટલે ભલે તમે સંસારમાં રહો, કિન્તુ એ યાદ રાખો કે જીવનું અંતિમ લક્ષ્ય શિવ જીવનું શિવ સાથે મિલન થાય

તેનું સુખ ને આનંદ કેવાં હોય તેનો અનુભવ આ બહેનોને પૂ.માએ જીવતાં જ કરાવ્યો.) **–તંત્રી**

**ગૃહિણીઓનો વસંતોત્સવ–વન વિશ્રામમાં**

દુનિયાની વસંતથી અલગ અને અનોખી અમારી આ વસંતનું આગમન થયું. ઓગષ્ટ મહિનામાં ચોકી ગયા ને! કે ચોમાસામાં વસંત અરે! વસંત પણ કેવી જેમાં વ્હાલની હેલી વરસે, પ્રેમનાં પુષ્પ પાંગરે, હળવાશ અને હાસ્યની છોળો છૂટે અને આશીર્વાદ રૂપી પ્રસાદનો ધોધ વહે. ‘‘આનંદ કેરી લ્હેરે જાણે હસી પડ્યો કિરતાર.’’



અમારું સ્વાગત પણ કેવું ભવ્ય! પૂ.માના સ્વહસ્તે લખેલું બોર્ડ ‘‘હાશ, આવી ગયાં’’ પધારો પીયર, સંસાર દીપાવો હસતાં હસતાં.’’ આખા ઘરમાં ફુગ્ગાઓ લગાવેલા હતા. પ્રત્યેક માટે પૂ.માના સંદેશા હતા. ૩૦ થી ૩૨ સંદેશાઓ દીકરીઓના સ્વાગતમાં પ્રથમ દિવસે જ માએ જણાવી દીધું કે પોતાના વિસરાયેલા વ્યક્તિત્વને પાછું શોધવાનો લ્હાવો, નહીં રોઇ બંધન, નહીં કોઇ નિયમ, અમેરિકાના વન વિશ્રામમાં માએ યુવાન માતાઓને તેમની સ્વઓળખાણ કરવા માટે તેડી વંસતોત્સવ ઉજવ્યો તેની વાત ‘મા મા’ કહીને રડતી એમની દીકરીઓનો સાદ, ‘મા’ના ઘરેથી સાંભળીને કર્યો શંખનાદ અમ સૌને ‘મા’ના ઘરેથી આવ્યા તેડાં.

સૌ દીરકીઓ પીયર દોડી આવી, છોડી દીધા બધા છેડા બહેન શીતલ પોતાનો પ્રતિભાવ આપતાં કહે છે. જીવન ના દરેક પડાવ પર ‘મા’ મારી સાથે જ રહ્યાં છે અને એમના માર્ગદર્શન હેઠળ જીવનની નૈયા ચાલી રહી છે. મા મારી સખી, મા મારાં ગુરુ, મા મારા દેવ–પ્રભુ.

બહેન **હિરલ** લખે છે કે અમારે સંસારમાં રહીને કેમ જીવવું. એ શીખવ્યું. સંસારનેકેવી રીતે માણવો, પોતાની ફરજો હસસતાં હસતાં કેમ બજાવતી તે શીખવ્યું. વનવિશ્રામ જીવનમાં કદી નહીં ભુલાય ‘મા’ આશીર્વાદ માગું છું. તમે હંમેશા અમારી સાથે રહેજો અને ભક્તિ માર્ગમાં આગળ વધારજો.

બહેન **અર્પિતા** પૂ.શ્રીમાનું પ્રતિબિંબ બનવા ઇચ્છે છે. તું મારી મા છે, તો મને તારો વારસો આપ. તને મારું ગૌરવ થાય એવી તું મને બનાવ. મને તારું બાળક બનાવીને આ સનાતન

સમર્પણની ગાંઠ મજબૂત કરતી રહેજે, જેથી એક દિવસ આપણે વિભિન્ન ના રહીએ. વારંવાર જીવનભર આવા જ વૈકુંઠવાસ ધરતી રહેજે. ને કોઇક ધન્ય ક્ષણે વિદાય ના જ લેવી પડે તેવું કરી દેજે.

બહેન **પારુલ** અને **હિરલ** લખે છે બહુ વર્ષોની પ્રાર્થના હતી. માત્ર માના દર્શન કરીને પગે લાગીને નહીં ચાલ્યા જવાનું, પણ મા આપણા મિત્ર બનીને રહે તો કેવું સારું! એવું કંઇક બને કે બાળકો સહજ હસતાં હસતાં સત્સંગમાં આવે તો. અમે પણ સત્સંગનો લાભ વધુ લઇ શકીએ. એવી શક્યતા નહોતી દેખાતી પણ આ વનવિશ્રામથી તે સહજ બની ગયું. માનું વ્યક્તિત્વ લોહચુંબક જેવું લાગે છે. જોતાવેંતજ આકર્ષણ જણાય. આ બાળાઓ સંસારમાં તણાઇ ન જાય તેવી અમારી પર કૃપાદૃષ્ટિ રાખજો. તેવી પ્રાર્થના.

બહેન **કેતના** સહજ રીતે પરિવારની સર્વપ્રકારની આવવા માટેની સાનુકૂળતા માટે આભાર માને છે. કહે છે મારા પ્રિય માડી! આ અઠવાડિયામાં તમે અમને સર્વપ્રકારે ભરી દીધાં. અપાર પ્રેમથી, કરુણાથી, હાસ્યથી, ઉદારતાથી, ક્ષમાથી અમને સંપૂર્ણ ભીંજવી દીધાં. તમારી સામે ગરબે ઘૂમવાનું, રોજ નવો પ્રસાદ પામવાનું, પેટ ભરીને (પકડીને) હસવાનું, આ સર્વ અમે હંમેશા યાદ કરીશું. આ સર્વ મોજ મસ્તી પિયરમાં પણ શક્ય નથી બનતી. જીવનમાં આ અમૂલ્ય લ્હાવો આપવા માટે લાખ લાખ વંદન.

બહેન **જિજ્ઞા** કહે છે પૂ.માએ સંસારે વળેલી દીકરીઓને સંસારી સ્વજન જેવા કે રાગ, દ્વેષ, કામ, ક્રોધ, મદ અને મોહમાંથી છોડાવી પીયર બોલાવી જ્યાં પૂ.માનું સતત સાનિધ્ય, સંસારી સ્વજનોના ધુમાડા બંધ, નિત્ય આનંદ અને મુક્ત જીવનની સ્વતંત્રતા. આ સુખ સામે તો સ્વર્ગનું સુખ પણ ઝાંખુ પડે. ગોપીઓ કૃષ્ણ પાછળ કેમ ઘેલી થાય તે પ્રત્યક્ષ રીતે અનુભવ્યું. આટલી કાળજી આટલાં લાડ અને આટલી સ્વતંત્રતા તો જન્મ દેનારી માતા પણ નથી આપી શકતી. મા અમારા પાકા દોસ્ત, જ્યાં હૈયું હળવું થઇ શકે. જ્યાં કોઇ પૂર્વગ્રહ ન હોય. સંસારને તુચ્છ ન ગણવો, સત્સંગની જેમ સંસાર પણ દીપાવીએ. સૌની હાશ લઇએ ને જીવતા દેવને સેવીએ.



બહેન **ગુંજન** કહે છે તમે અમારે માટે જે કંઇ કર્યું છે તેને માટે હું આપનો ખૂબ આભાર માનું છું આ સાત દિવસ જીવનના સુવર્ણ દિવસો હતા, જ્યાં હું મારી માતા અને મારા મિત્ર સાથે હતી. મા મને એવી શક્તિ આપો કે હું જીવનમાં કોઇપણ પડકાર ઝીલી શકવા માટે સમર્થ બનું. તમે મારા જીવનના ઘણા પ્રશ્નો ઉકેલી આપ્યા છે. મા હવે મને તમારા માટે પ્રેમ વધે અને શ્રદ્ધા વધે તેવી કૃપા કરજો.

શ્રી **ભાવનાબહેન** કહે છે આપના સાનિધ્યામાં સુખ શાંતિ અને સ્વર્ગીય સુખ શાંતિ માટે ખૂબ ખૂબ આભાર. અમારી ખૂબ ખૂબ પ્રગતિ ને ઉન્નતિ આધ્યાત્મિક ક્ષેત્રે કરતાં રહેજો.

હે પ્રભુ! અમને તમારા શ્રી ચરણોમાં રાખી એક કૃષ્ણ ગોપીની જેમ સતત સ્મરણથી પાસે રહીએ તે જ પ્રાર્થના.

'તમે તો દયાળુ, કરુણામયી, આનંદમયી, તેજસ્વીની, મંગલમયી સર્વ સમર્થ છો. તમારા સાનિધ્યમાં સર્વકાંઇ ભૂલી જઇ આપનામાં જ તલ્લીન થઇ જઇએ. આજે જવાના દિવસે થાય છે કે સૂર્યનારાયણ સ્થિર થઇ જાય તો કાલે જવું જ ન પડે.

બહેન **જિજ્ઞા** સમાપન કરતાં કહે છે વનવિશ્રામમાં ઘણા

ઘણા પ્રશ્નો પૂછ્યા. સહુના માએ સંતોષકારક જવાબ આપ્યા. મા જીવન વિષે વ્રત, તપ, અનુભૂતિઓ, પ્રણામ અને મૌન વિષે ત્યારે પૂ.માને પણ આ ઉંમરે ચાલતા વ્રત, તપને પ્રણામ વિષે નવાઇ લાગે છે. પૂ.માએ બહુ હળવી છતાં ગંભીર વાત કહી આરોગ્ય તનનું અને મનનું સ્વસ્થ રાખવું જરૂરી છે. સ્ત્રી તરીકે ઘર સંભાળો કે બાળકો સંભાળો મોટાં કરો તેવો ધ્યેય ન રાખતાં. આ બધું ઉત્તમ રીતે કરતાં કરતાં પોતાની જાતને શોધવાની છે. લક્ષ્ય સિદ્ધ કરવાનું છે. પ્રભુ પ્રાપ્તિનું. પૂ.માની દિવ્યભૂમિમાં, પૂ.માની સંનિધિમાં જે દિવસો માણ્યા તે શબ્દોમાં વર્ણવવા અશક્ય છે. આ તો એવી વસંતની ઉજાણી છે જે તે માણે તે જ તેની મજા લઇ શકે. આ લ્હાવો આપવા બદલ ખૂબ ખૂબ આભાર.

તમે કબજિયાત મટાડવા, ખેતીમાં પાક વધારવા કે ઘરે ઘોડિયું બંધાવવા જ પદયાત્રા કરીને પ્રભુ પાસે જાઓ છો? જીવન પવિત્ર બનાવો. શ્રદ્ધા બળવાન બનાવો. રસ્તે જપ કરતાં કરતાં જ જાઓ.

પ્રભુને કહેવું, ''હે પ્રભુ! કળિયુગમાં ભક્તિનાં પેપરો સહેલાં કાઢજો.''

—યોગેશ્વરજી



# તમને જોતાં વેત જ

**શ્રીયોગેશ્વરજી**

મા જગદંબાનું પ્રત્યક્ષ સનેત્રે દર્શન થતાં સાધકની અવસ્થા કેવી થઇ જાય તેનું સુંદર સચોટ વર્ણન પૂ.યોગેશ્વરજીએ પોતાના આ કાવ્યમાં કર્યું છે.

એક તો પરમ શક્તિનું મા સ્વરૂપે આવું દર્શન કરોડીમાં કોક સાધક પામે છે, કારણ કે ઘણી ઘણી ઉગ્ર પ્રેમભરી તપશ્ચર્યા ને જગદંબા પ્રત્યેના પ્રેમનું એ ફળ છે.

યોગેશ્વરજી એક જ્ઞાની ભક્ત હોવા છતં સાકાર ઉપાસનાના સાધક છે, વળી તે કવિ પણ છે તેથી જ તેમણે ગાયુંછે.

કોઇ બડભાગી એ પાવે કે, બડભાગી ગાવે ભક્ત હોય,પણ કવિ ના હોય તો શી રીતે એનું વર્ણન કરી શકે! પરમ પૂજ્ય ભક્ત કવિ એવા શ્રી યોગેશ્વરજીની આ પરમ પ્રસાદી છે. સદ્‌ભાગ્યે આ યોગેશ્વરજી ભક્ત છે ને કવિ પણ, છે તેથી જ આ અમૂલ્ય કૃતિ મળી છે.

—તંત્રી

## જોતાં વેંત જ

તમને જોતાં વેંતજ મારી વાણી જાયે થંભી,
કું ઉપાય અનેક છતાં ના વાત શકું આરંભી.
આંસુ પ્રવાહો આંખે ચાલે, પ્રાણ ધડકતો મારો,
અનંત સુખ સાંપડતાં મારો મટી જાય શ્રમ સારો.
મંગલ મુખનું દર્શન કરતાં હૈયું હરખી જાય,
ભાવ વિભોર બનીને ઉછળે સમાધિ થાય.

યોગ સાધના તપ ને વ્રતનું ફળ મળતું મુજને,
તીરથનો મહિમા ફેલાયે, પુલકિત થાય તને.

પાગલ પ્રાણ પ્રસન્ન બનીને પૂજા કરે તમારી,
રોમરોમમાં અનુરાગ તણી ખીલી ઊઠે ક્યારી.

એ ઉત્સવની તોલે કોઇ ઉત્સવ ખરે ન આવે,
કો બડભાગી જન એ પાવે, કો બડભાગી ગાવે.

## ભગવાન રમણ મહર્ષિ પરનો વિશેષ વાર્તાલાપ

**–નારાયણ હ. જાની**

પૂ.મા સર્વેશ્વરી સ્વર્ગારોહણમાં હોય ત્યારે સાધકોને વધુમાં વધુ આધ્યાત્મિક લાભ થાય, તેવું સતત વિચારતાં રહે. એ રીતે તેઓએ પૂ. રમણ મહર્ષિના જીવન, સાધના ને સદ્દુપદેશ વિશે પ્રો. તરલાબહેન દેસાઇની પાંચ બેઠકોવાળા વ્યાખ્યાનોની ગોષ્ઠિનું આયોજન તા. ૨૪થી ૨૬ ડિસેમ્બર દરમ્યાન કરાવ્યું.

શ્રી તરલાબહેને મહર્ષિ વિશે ખૂબ વાંચ્યું, વિચાર્યું અને લખ્યું છે. તેનો સાર યોગેશ્વર પરિવારના સાધકોને તેઓએ પોતાની પાંચ ગોષ્ઠિઓની બેઠકોમાં આવરી લીધો.

મહર્ષિના જન્મથી માંડી, તેઓનો ગૃહત્યાગ, તેમની તપશ્ચર્યા, અરૂણાચલમાં શ્રદ્ધા, આશ્રમ જીવનના મહત્ત્વના પ્રસંગો–જેવા કે આશ્રમમાં ચોરી, પ્રાણીઓ જેવાં કે વાનરો ગાય, વાઘ સાથેનો વ્યવહાર તેમજ મોર વિષેની વાતો સવિસ્તર કહી. રમણ આશ્રમના અધિષ્ઠાતા હોવા છતાં સર્વ સામાન્ય

( અનુસંધાન પૃષ્ઠ ૪૯ ૫૨ )



# શ્રી યોગેશ્વરજીનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર

(ગતાંકથી ચાલુ) **ડૉ. અરુણિકા મનોજ દરુ**

## યોગેશ્વરજી દક્ષિણેશ્વરમાં

યોગેશ્વરજીનો દક્ષિણેશ્વરનો પ્રવાસ અનેક રીતે નોંધનીય હોઇ તેને વિષે વિગતવાર જોઇએ. ૧૯૪૫ની સાલની ૩૦મી સપ્ટેમ્બરે યોગેશ્વરજી દક્ષિણેશ્વર જવા નીકળ્યા. કલકત્તા પહોંચ્યા. ત્યાં પહેલાં બસમાં પછી ઘોડાગાડીમાં પ્રવાસ કર્યો. કલકત્તાના મુસલમાન ગાડીવાળાએ યોગેશ્વરજીને દક્ષિણેશ્વરને બદલે કાલીમંદિર છોડ્યા. ભૂલ સમજાઇ પણ ભાડું આપવા છતાં ગાડીવાળાએ આગળ પ્રવાસ કરાવવાની ના જ પાડી. એક અજાણ્યા માણસે બસમાં બેસાડ્યા. એટલે યોગેશ્વરજી દક્ષિણેશ્વર તો પહોંચ્યા પણ ખૂબ મોડા મોડા. મંદિર તો બંધ થઇ ગયેલું. રાત્રે એક મકાનની ઓસરીમાં જ સૂઇ રહ્યા. સવારે ટ્રસ્ટીઓને મળ્યા. તેમણે તો મંદિરમાં રહેવાની મનાઇ કરી. મંદિરમાં બંગાળી ભક્ત પુલિનબાબુ સાથે મુલાકાત થઇ. તેમણે શ્રીમંત નેપાલબાબુને વાત કરી. તેમની મારફત યોગેશ્વરજી માટે રહેવાની વ્યવસ્થા થઇ ગઇ. સવારે યોગેશ્વરજી પુલિનબાબુને ત્યાં જમતા. સાંજે મંદિરનો ભોગ મળતો. આમ તેમને માટે રહેવા તથા જમવાની સગવડ થઇ ગઇ. રાત્રે ધ્યાન જપ કરતા. દિવસે બેસી ભાવાવેશમાં આવી ભજનો લખતા.

યોગેશ્વરજી શ્રી રામકૃષ્ણદેવની માફક મા જગદંબા માટે તલસતા. સતત પ્રાર્થના કરતા રહેતા. શ્રી રામકૃષ્ણના પરમ ભક્ત એવા બે સંતોને તેઓ ત્યાં મળ્યા. એક સંત તો મંદિરમાં જ

રહેતા હતા. યોગેશ્વરજીએ તેમની પાસે દીક્ષાની માગણી કરી પણ તેમણે એ જવાબદારી લેવાનો અસ્વીકાર કર્યો.

થોડા દિવસ બાદ યોગેશ્વરજી પાછા દેવપ્રયાગ જવા ઈચ્છતા હતા. તે માટે તેમને પૈસાની જરૂર હતી. પુલિનબાબુની આર્થિક સ્થિતિ એવી નહીં કે તેઓ મદદ કરી શકે. તેમણે પૈસા માટે પત્નીનાં ઘરેણાં વેચવાની તૈયારી બતાવી. યોગેશ્વરજીએ એ માટે ના કહી. તેમને શ્રદ્ધા હતી કે ઈશ્વર જરૂર કોઈ રસ્તો કાઢશે. અને યોગેશ્વરજીની શ્રદ્ધા ફળી. ધંધાની ભાગીદારીમાં જે મિત્રે પુલિનબાબુનો વિશ્વાસઘાત કરેલો તે મિત્ર સાથે પુલિનબાબુને છેલ્લા દસ વર્ષથી બોલવાનો પણ સંબંધ ન હતો તે દગાખોર મિત્રે સામે ચાલીને ‘મારે આ સાધુની સેવા કરવી છે’ કહી પચીસ રૂપીયા આપ્યા. બીજા એક સદ્‌ગૃહસ્થે પાંચ રૂપિયા આપ્યા. આમ ૩૦ રૂપિયા એકત્ર થતાં યોગેશ્વરજી માટે કામ સરળ થયું. તેઓ દેવપ્રયાગ પાછા ફર્યા.

યોગેશ્વરજીને દેવપ્રયાગમાં એક મહાપુરુષનાં દર્શન થયાં. તેમણે યોગેશ્વરજીની પીઠ પાછળનો મૂલધારચક્રનો ભાગ દબાવ્યો. એ રીતે બે અઢી કલાક સમાધિદશાનો આનંદ આપ્યો. દેવપ્રયાગથી યોગેશ્વરજી લાંબો સમય વસવાના હેતુથી બદરીનાથ ગયા. તેમની સાથે પ્રવાસમાં સચ્ચેબાબાના શિષ્ય કુલાનંદ હતા. યોગેશ્વરજીને બદરીનાથમાં ત્રિવિધ સુખદ અનુભવ થયા. કુલાનંદે તેમના ગુરુ સચ્ચેબાબાના મુખે સાંભળેલું તે કહ્યું કે યોગેશ્વરજી પૂર્વજન્મમાં શ્રીરામકૃષ્ણ પરમહંસ હતા. અત્યાર સુધી રાત્રે ધ્યાનાવસ્થામાં તો યોગેશ્વરજીનો પૂર્વ જન્મમાં પોતે રામકૃષ્ણ પરમહંસ હતા તેની પ્રતીતિ થયેલી જ હતી.



જાગૃતિદશાનો તો આ પ્રથમ અનુભવ હતો. એક મહિનો યોગેશ્વરજી બદરીનાથમાં રહ્યા. આબોહવા અનુકૂળ ન આવી પણ તે સમય દરમ્યાન ધ્યાનમાં ભગવાન નરનારાયણનાં દર્શન થયાં. ત્રીજો અનુભવ અદ્‌ભુત અને અવિસ્મરણીય હતો. રિદ્ધિ, સિદ્ધિ, અષ્ટસિદ્ધિ અને નવનિધિ એવી અસાધારણ સૌંદર્ય સંપન્ન ૧૯ કન્યાઓએ યોગેશ્વરજીને એકેક પછી એક હાર પહેરાવ્યા. આમ બદરીનાથની યાત્રા ત્રિવિધ સુખદ અનુભવે યાદગાર બની રહી.

બદરીનાથથી યોગેશ્વરજી પાછા દેવપ્રયાગ આવ્યા. સ્વતંત્ર રીતે સાધના કરવાના સાનુકૂળ સ્થળ રૂપે છેવટે પસંદગીનો કળશ ઢોળાયો દેવપ્રયાગના શાંત એકાંત સ્થળ પર. આમ્રવૃક્ષની સઘન શીતળ છાયા અને પાસે જ કૃશકાય શાંતાનદીનું વહેણ—આ દશ્યે યોગેશ્વરજીને પ્રસન્ન કરી દીધા. ચક્રધરજીએ એક મહિનામાં ત્યાં નાની એક પથ્થરની ઓરડી તૈયાર કરાવી આપી. પણ યોગેશ્વરજી તેમાં તાત્કાલિક રહેવા જઈ શક્યા નહીં કારણ કે તે સમય દરમ્યાન તેમને ચંપકભાઈની માંદગીનો પત્ર મળ્યો એટલે તેઓ ચંપકભાઈ પાસે ગયા.

### ચંપકભાઈની માંદગી

ચંપકભાઈ ક્ષયરોગમાં સપડાયેલા તેવો પત્ર મળ્યો એટલે યોગેશ્વરજી સિમલા હિલ્સમાં આવેલા ધરમપુરના ટી.બી. સેનેટોરિયમમાં તેમને મળવા ગયા. ચંપકભાઈની અવસ્થા નાજુક હતી. એક ફેફસું તદ્દન બગડી ગયેલું. ડોક્ટરોએ આશા છોડી દીધેલી. યોગેશ્વરજી તેમની પાસે થોડા દિવસ રોકાયા. દરરોજ તેમના પલંગ પાસે બેસી તેઓ ચંપકભાઈના શરીરે હાથ

ફેરવતા અને સાચા દિલથી પ્રભુને પ્રાર્થના કરતા. સાથે સાથે ઈશ્વર સઘળું સારું કરશે એવી ચંપકભાઈને હિંમત તથા પ્રેરણા પણ આપ્યા કરતા હતા. અને ખરેખર પરમાત્માની કૃપાએ ચમત્કાર સર્જ્યો. ડોક્ટરને પણ આશ્ચર્ય થાય એમ ચંપકભાઈ એકદમ સાજા થઈ ગયા.

ચંપકભાઈ સાજા થયા એટલે યોગેશ્વરજીએ તેમની પાસે તેમણે વર્ષો પહેલાં પસંદ કરેલી કન્યા કનકબહેનને પત્ર લખાવ્યો. તે કન્યા પણ મજબૂત મનોબળની હતી. ચંપકભાઈને જ પરણવાની ઈચ્છા રાખી તે અત્યારસુધી અવિવાહીત રહેલી. કનકબહેને ક્ષય રોગમાંથી સાજા થયેલા ચંપકભાઈ સાથે લગ્ન કરવા તૈયારી બતાવી. અને પાછળથી તેમનાં લગ્ન થયાં.

**(ક્રમશઃ)**

ગુરુ શિષ્યનો સંબંધ શેઠ–નોકરનો નથી. એ માનવ–માનવ સાથેનો છે, માનવતાયુક્ત દૈવી સંબંધ છે.

ગુરુને ગુરુ તરીકે પૂજી ભગવાન પાસે પહોંચવાનું છે. ભેદબુદ્ધિ નાશ પામતાં ગુરુને પ્રભુ માની પૂજી શકાય.

કોઈ કારણ વગર તમારી અદેખાઈ કરે તો તમે તેનું બગાડવા ન જતાં, તમારું સંરક્ષણ સાચવી લો.

**–યોગેશ્વરજી**



# શ્રી મા અંગે નવરાત્રી નંદભુવનમાં આનંદોત્સવ

**આશા ભક્ત**

પરમાત્માની અખંડ કૃપા જ હશે કે આ નવરાત્રીપર્વમાં અમને સતત શ્રીમાનાં નિરંતર સાંનિધ્યમાં રાખ્યાં. સંતોનો સંગ એ પૃથ્વી તટે માનવોનું સૌથી મોટું સદ્‌ભાગ્ય ગણાયું છે. એ સદ્‌ભાગ્યને આ દિવસોમાં પ્રત્યક્ષ માણ્યું. દૈવીકૃપાનાં અનુભવ સમાન હતાં આ દિવસો. તા. ૨૬/૯/૧૧ થી ૧૫/૧૦/૧૧ સુધી. શ્રીમાનાં સાંનિધ્યે મને રહેવાનું મળ્યું. આ સમય અણમોલ હતો. શ્રીમાનાં સતત, અવિરત, નિરંતર ચાલતાં સાધના યજ્ઞની સંનિધિમાં રહેવાનો અવસર અમને શ્રીમાની જ પરમકૃપાથી પ્રાપ્ત થયો.

શ્રીમાએ જેમને પસંદ કર્યા એ સૌ આવી શક્યા. સ્થળ ઓટાવા મેબરલી. નાનકડુ સુંદર ગામ, પ્રકૃતિની શાંત નિરવ ગોદમાં હળવેથી પોતાની જ ગતિમાં ધબકતું નાનું ગામ. પાનખરની સીઝન હતી.... વૃક્ષોનાં પાદડાં એનાં રંગોને બદલતાં હતાં.... સુંદર પીળાશ પડતો કેસરી રંગ વૃક્ષોને એક નવું જ સૌન્દર્ય આપી રહેતો. વાતાવરણ ઠંડુ...ગુલાબી ઠંડીવાળુ અમને ટેક્ષાસનાં આકરા તાપથી જાણે શીતળતાનાં આ મુલાયમ વાતાવરણમાં શ્રીમાએ બોલાવી લીધાં. કેનેડાનાં નિવાસીઓ કહેતાં હતાં કે આ સમયે અમારે ત્યાં કાતિલ ઠંડી હોય પણ...પણ..“આ શ્રીમાએ શું કર્યુ તે જાણે પ્રકૃતિ સાવ બદલાઈ ગઈ! અદ્‌ભુત રીતે આવું અનોખું વાતાવરણ અમે જોઈ રહ્યા

છીએ.'' મને.....શ્રી પરમાર્થીની એક વાત યાદ આવી...એઓ કહેતા કે ''પ્રકૃતિ પણ સંતોને અનૂકુળ બની જાય છે.'' આવો અનુભવ અમે સૌએ કર્યો.

શ્રીમાનો અને અમારા સૌનો નિવાસ આ શ્રીમાન નન્દુભાઇ અને કપિલાબહેનનાં નવા ઘરમાં. શ્રી નન્દુભાઈએ આ ઘર જાણે શ્રીમાનાં વનવિશ્રામ માટે જ લીધું. સુંદર, સગવડવાળું વૈભવી આલિશાન મકાન. છેક નીચે હોલ...ભાઈઓનો ઉતારો, વચ્ચેનો ફ્લોર શ્રીમાનો અને છેક ઉપરનો ફ્લોર સૌ બહેનો માટે. દરેક રૂમની બહાર ચારે તરફ બારીમાંથી દેખાતી શાંત નિર્મળ પ્રકૃતિ, વૃક્ષો, ખુલ્લું આકાશ મનને જાણે આપમેળે જ શાંત થઈ જવાની ફરજ પાડે. શ્રીમાનાં સહજ સ્વાભાવિક તપસ્વીરૂપની સાથે પ્રકૃતિ પણ જાણે તાલમેલ મિલાવતી હોય એવું સહજપણે અમે સૌએ અનુભવ્યું.

૨૬/૯ની રાત્રે શ્રીમાનાં દર્શન કરવાનું સૌભાગ્ય મને મળ્યું. પ્રાર્થનાખંડની સાદાઈભરી સુંદરતા, સોફા ઉપર મૂકેલા સ્વરૂપની વિશેષતા એ હતી કે એમાં પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુ અને શ્રીમા સાથે હતાં, એ જોઈ હૃદય પ્રસન્નતાથી છલકાઈ ગયું. શ્રીમા સાવ સહજ, શાંત મુદ્રા પોતે પોતાની અંદર મગ્ન, પ્રાર્થના પૂર્ણ થતાં શ્રીમા સ્લેટ ઉપર લખે છે. ''દરેકને એક નિયમ લેવા માટે કહે છે પ્રાર્થના, જપ, પ્રણામ, પારાયણ ગમે તે કરો પણ નિયમ રાખો.'' નિયમ પ્રભુને પામવાની સીડી છે. થાક્યા, હાર્યા વિના જીવનમાં ભજવવા પડતાં દરેક પાઠો ભજવી લો. આજે જ પ્રકાશના પંથેનું પ્રથમ ભાગનું પારાયણ પૂર્ણ થયું છે. શ્રીમાએ એક નવો નિયમ લીધો...પ્રકાશના પંથનાં એક પૃષ્ઠ ઉપર ૨૭લીટી હશે તો શ્રીમા પ્રભુનાં આવા આ અક્ષરદેહના કેવા



સન્માન કરે છે આપણને તો કલ્પના સુદ્ધા નાં આવે, રોજ ત્રીસ પ્રણામ વધારાનાં શ્રીમા કરશે. હું તો આ સૂર્યદેવતાને કહું છું કે આપ જેમ રોજ નવીન રીતે આકાશમાં પધારો છો તેમ જ અમારાં શ્રીમા રોજરોજ નવા નિયમો રાખે છે નહીં? રાત્રે અમને ધૂઆધારની ડી.વી.ડી. જોવા મળે છે. ભારતની પ્રકૃતિનાં સુંદર દર્શન શ્રીમાની ઇચ્છાથી અને ભાઇ હેમલની આવડત અને જહેમતથી અમને જોવા મળ્યું.

બીજે દિવસે પ્રાર્થના બાદ શ્રીમા સ્લેટ દ્વારા કહે છે કે આજે જાણે કન્યાવિદાય પછીની હળવાશ લાગે છે. ''પ્રકાશના પંથે'' ભાગ–૨નું વાંચન શરૂ થાય છે. વાંચન વખતે જૂનાં ઘણાં બધા પ્રસંગોની યાદ તાઝી થાય છે. શ્રીમા કહે છે જ્યાં તન ત્યાં આપણે એવું નહી જ્યાં મન ત્યાં આપણે, એવું હોવું જોઇએ. શ્રીમા સાવ સરળતાપૂર્વક આપણને આપણી જીવનની દીનચર્યા કેવી હોવી જોઇએ તેનું ચિત્ર દોરી આપે છે. ''રોજ જ નવરાત્રી છે માની રોજ વિશેષ નિયમ લેવો–૧ દિવસ માટે જ લેવો સાંજ સુધીમાં પૂરો થાય એવો. વિશેષ તહેવારો અને ઉત્સવોને વ્રતો અને નિયમોથી વધારવા. આવતીકાલથી દરેક નિયમો લે પોતાને અનુકૂળ આવે તેવા!!''

શ્રીમા માનવમનનાં જાણકાર છે. જેમ ઘરમાં માતા પોતાનાં દરેક સંતાનોને શું અનુકૂળ આવશે તે જાણે છે, બરાબર તેમ જ શ્રીમા આપણને જાણે છે, ઓળખે છે, સમજે છે. બાળકની મર્યાદાનો એમને સંપૂર્ણતઃ ખ્યાલ છે છતાં શ્રીમા એવું જરૂર ઇચ્છે એમનાં બાળકો કંઈક વિશેષ કરે...સંસારનાં દુઃખોને વટાવી જાય...હરિ સ્મરણનાં હરિયાળા પ્રદેશમાં મનને ઠારે. અને આ દિવસોમાં એવું બન્યું પણ ખરું. આનંદની પ્રત્યક્ષ અનુભૂતિથી

અમારા સૌનાં હૈયાં, મન, આંખો, છલક, છલક થતી હતી એકમાત્ર શ્રીમાનાં પરમ અનુગ્રહથી.

૨૮/૯ નવરાત્રી પ્રારંભ...સવારે બરાબર આઠ પહેલાં અમે સૌ પ્રાર્થનાખંડમાં બેસી જઈએ છીએ. શ્રીમા બરાબર આઠ વાગ્યે નીચે હાજર. આ દિવસોનો કાર્યક્રમ નીચે મુજબ પહેલી બેઠક પહેલી બેઠક ૮ થી ૮:૩૦ ધ્યાન. ૧૦ થી ૧૦:૩૦ મૌન પ્રાર્થના. ૧૨:૩૦ થી ૧ ધૂન ત્યારબાદ ભક્તમાળમાંથી કોઈપણ એક ભક્તરાજનું જીવનદર્શન, વાચન, શ્રીમાની સ્લેટ વચ્ચે વચ્ચે મધુર ટહુકો કરી લે. બપોરે ૩:૩૦ થી ૪:૩૦ સુધી શ્રી ગુરુદેવ પ્રભુનું પ્રવચન. પ્રકાશપંથે ભાગ ૨નું વાંચન. સાંજે ૮ થી ૧૦:૩૦ પ્રાર્થના...શ્રી ગુરુલીલામૃત પારાયણ, ડી.વી.ડી. દર્શન શ્રી જગુભાઈ શ્રી શ્રીમા જગદંબાનાં પ્રત્યેકરૂપની રોજ રોજ ખૂબ ગહનતાપૂર્વક ચર્ચા કરે. માતા નવદુર્ગાના રૂપોનું આ વિશ્લેષણ એમણે ખૂબ સુંદર રીતે રજૂ કર્યું. સૌને ગમ્યું. શ્રીમાએ આખો પ્રોગ્રામ એવો સુંદર ગોઠવ્યો કે સૌને ખૂબ માફક આવ્યો. સવારનાં ધ્યાનમાં શ્રી શ્રીમા જગદંબાનાં ૧૦૮નામ સુંદર રીતે ગવાયેલા..સાવ ધીમા અવાજમાં ગૂંજે—સામે જ શ્રીમા આંખો મીંચીને ધ્યાનસ્થ. અમે સૌ ખુલ્લી આંખે આ શ્રીમાને આરાધીએ. પ્રાર્થના ખંડ એકદમ સુંદર રીતે સજાવેલો. શ્રીમા અંબિકાજીની...નવદુર્ગા માતાની બે બેનમૂન મૂર્તિઓ સાવ સામે જ સ્મિત વેરતી પ્રસન્ન મુદ્રામાં...વાતાવરણ સાવ શાંત, નિર્મળ, ભક્તિભાવપૂર્ણ, હૃદય પ્રકૃતિનાં ખોળે અને શ્રીમાનાં પાવન સાંનિધ્યે અતિશય શાંત. આ અડધો કલાક દરેકને પોતાનો લાગે. બસ સામે જ શ્રી મા હોય....એમને જે કાંઈ કહેવું હોય તે કહી દેવાનું...જે માંગવું હોય તે માંગી લેવાનું. પ્રભુમય થઈ જવાની



આ સુંદર તક હતી. હું એકદમ સાચું કહું છું આ ક્ષણો અમારા માટે અમૂલ્ય, અણમોલ હતી. આ ક્ષણોમાં ભક્ત—અને—ભગવાનની વચ્ચે દુન્યવી કોઈ ન હતું. બસ સ્નેહનું એક સુંદર સ્નેહભર્યું હૂંફાળું વાતાવરણ જેને ત્યાં બેઠેલા સૌએ અનુભવ્યું અને જેઓ ન હતાં તેમને માટે આ શબ્દરૂપી પ્રયાસ છે શ્રીમાનાં અદ્ભુત અનુગ્રહને શબ્દમાં બાંધવાનો.

શ્રીમાની સ્લેટ રોજ રોજ ખૂબ સુંદર મઝાનાં અવનવીન ટહુકા કરે...એ ટહુકાઓ આપણાં મનને જગાડનારા હોય..હૃદયને પ્રગાઢ શાંતિ આપનારા હોય..મનને પરમાત્માની સાથે જોડી દેનારા પણ હોય...એ આપણાં ઉપર આધાર રાખે કે શ્રીમાનાં આવા અનોખા સાંનિધ્યને પ્રાપ્ત કરી આપણે કેવા થવું છે? ક્યાં રહેવું છે? મનને ક્યાં રોકી રાખવું છે? શ્રીમાનાં સર્વથા એવા પ્રયત્નો હોય છે કે એનાં બાળકો સિંહ જેવાં બને...

શ્રીમા ધ્યાનમાં—મૌન પ્રાર્થનામાં આપણે શું કરવું જોઈએ તેની સાવ સાદી ભાષામાં એવી સુંદર સમજ આપી કે અમારું મન તરત જ એ માનીને જાણે શાંત બન્યું. શ્વાસોશ્વાસે સુમિરનને જોડી દેવાની આ રીત અમને ફાવી ગઈ. સાવશાંત રીતે ધીમે ધીમે ૐનું લાંબુ ઉચ્ચારણ કરતાં કરતાં શ્વાસને જ જોતાં જોતાં પોતાની અંદર કેવી રીતે લીન થવાય તે સમજાતાં ધ્યાન અને મૌનપ્રાર્થનાની આ બેઠક બધાને પ્રિય લાગી. શ્રીમા લખે છે કે—આ આંખોએ ન જોવાનાં કંઈ કેટલાંયે પદાર્થો જોયા હશે—આ કાને કંઈ કેટલીયે નિંદા—ટીકા સાંભળી હશે. વાણીને અનેક વિષયોમાં ગમે તે રીતે વેડફી હશે..તો હે મા ભાગીરથી ગંગાજી અમને ગંગાસ્નાન કરાવો. અમને પવિત્ર કરો. અનેકાનેક માનસિક શત્રુઓથી અમારી રક્ષા કરો, અમને આ સસારની

માયા હવે વળગે જ નહીં એવું કરો. આવી નાનકડી સુંદર પ્રાર્થનાની અવનવી કડીઓથી શ્રી મા અમારા હૈયાને બધી જ ગ્રંથીઓથી મુક્ત કરવાનું ભગીરથ કાર્ય કર્યા કરતાં. સદૈવ પ્રાર્થના અને પ્રાર્થના જ મુક્તિનું એકમાત્ર સાધન. સાવ સરળ સાધન આ મમતામયી મા અમને સમજાવી રહ્યાં. આ ક્ષણો જીવને શિવમાં મેળવવાનું પર્વ છે. એને પ્રયત્ન કરી ઉજવી લેવાનું છે. રોજ રોજ સર્વ દૈવીતત્ત્વોની મદદ માંગવી, જીવનપંથને પ્રાર્થનાની પળોથી શણગારી દેવાની આ એક દુર્લભ તક હતી. ભક્તમાળમાંથી થતું વાંચન રોજ રોજ જાણે પ્રેરણા ધરતું. રોજ રાત્રે ગરબાનો આનંદ તો હોય જ. અમારા સૌની ચાહ અમારા શ્રીમાને ફરીથી નીચે હોલમાં બોલાવવાનો પ્રેમપૂર્ણ હઠાગ્રહ જોઈ શ્રી મા પોતાની ડાયરીનું લેખન અધુરું છોડીને પણ 'ક્યારેક—વારંવાર નીચે પ્રાર્થનાખંડમાં પધાર્યા છે..બાળકોની જીદની સામે પ્રેમથી ઝૂકતી આ પરમેશ્વરી શ્રી સર્વેશ્વરી એટલે જ થોડાંક અલગ છે અને સૌનાં પોતાનાં છે. સાંજની—રાત્રીની આ ક્ષણો અમારા દિવસોને ચાર ચાંદ લગાવી જતી.'

(ક્રમશઃ)

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
દીપક સી. મહેતા
કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત-૩૯૫૦૦૧



# My Visit toFulwadi

**Gopi**

Jai Krupalu MAA

Pranam MAA

As I hold this pen and paper my emotions are running faster than my thoughts. How and where to start writing about spending two glorious weeks with MAA.

A few times per year, christian church groups including children youth, and adults come stay at our motel. They stay about one week to teach local church children/youth, about Jesus, the Bible, prayer, faith, and love. They play games and do activities to make learning fun. I thought how nice it would be to have something similar with MAA and their young devotees. Within a few weeks that thought turned into reality, when MAA asked me to come to Pocono pines, Pennsylvania.

With MAA–Prabhu's grace, I was able to see the unravelling of North America's first MAA–

Prabhu Fulwadi. July 30$^{th}$–August 6$^{th}$ 2011. 12 children were showered with MAA's divine love and blessings. MAA had prepared much in advance for all the children, spending sleepless nights and days, to make sure everything was perfect. When I first walked into MAA's house on the night I arrived, there were 12 hanging paper plate saying "Om MAA's GARDEN", and on each plates was a smiling photo of one of MAA's young blooming flower. Instantly, my heart fluttered with excitement for the days ahead.

The next seven days MAA played in the rain with the childern, did pranam and yoga with them, followed them on bike rides, showered them litterally with candies and plastic colored balls, surprised them by waking them up one morning, watched them do garba, gave them numerous gifts, sent them to the crayola Factory, and even took individual picture with each child! which mother does not love to spoil her child?

When I was a young teenage I used to think that when I get older, MAA will not love/spoil me as she does now with prasad and laughter. I



was wrong. Now, that I look back on my thinking, it makes me laugh for my thoughts of "MAA is only mine." MAA is everyones! seening MAA play with these 12 children or "Om MAA's LIONS", brought tears to my eyes, because this is the next generation of children who will share stories of MAA–PRABHU and pass them onto others. The endless love MAA gave them this week, will be a lifetime memory.

THANK YOU MAA, for giving me a chance to experiance this amazing 1$^{st}$ Fulwadi in U.S. MAA I pray to you that I have many such opportunities to take part in and have your darshan. Please let me not forget you and your presences. Help me stay on the right path in life, so I can make you and my parents proud, Help me focus in studies and work hard. Always and forever keep me at your lotus feet.

**Pranam MAA.**

**Tamari Sheharn Bal,**

# પાનખરમાં વસંત

**સંકલનઃ– જ્યોત્સનાબેન ત્રિવેદી**

પૂ.માએ અમેરિકા ખાતે કેવળ ફુલવાડી કે યુવાન બેનોની શિબિર યોજી એમ નથી, વૃદ્ધજનો (Senior Citizens) ની ૭ દિનની શિબિર–યોજી. વૃદ્ધોને ઘરનું મમત્વ છોડવા ઉપરાંત શારીરિક સ્વાસ્થ્ય કેમ જળવાય, ખાવા પીવામાં કેવું ધ્યાન રાખવાનું તેમજ ઢળતી વયે, જેમ સૂર્ય અસ્તાચલ પર જતાં પોતાનાં કિરણોનો કેવો સંકેલો ધીરે ધીરે કરી દે, તે જ રીતે સાંસારિક જીવનની પ્રવૃત્તિઓનો સંકેલો કરવા માંડો જેથી અન્ત સમયે પ્રભુ સિવાય કશું જ યાદ ના આવે, કારણ અંત સમયે જેવી મતિ તેવી ગતિ.

પ્રેમ બધાં સાથે પણ આસક્તિ ક્યાંય નહીં. પૂ.માનું સૂત્ર યાદ રાખો–કલ હો ના હો–કાલે ઊઠ્યા જ નહીં તો? માટે જરૂરી બધાં રોજનાં કામોનો નિકાલ કરી સૂઈ જાઓ. જેથી કોઇ લૌકિક વિચાર અંતકાલે ના આવે. પછી મૃત્યુ ગમે ત્યારે આવે આપણે સદા તૈયાર. પૂ.માની આ શીખ સૌએ ગાંઠે બાંધવા જેવી છે.

**– તંત્રી**

(આ વર્ષે અમેરિકામાં બાળકોની ફૂલવાડી, પાનખરની વસંત અને યુવતીઓનો વસંતોત્સવ ઉજવાયો. પૌત્ર પૌત્રીઓ દાદા દાદી અને માતાઓએ પૂ.શ્રી માની દિવ્ય સંનિધિ માણી દાદા દાદી તે વિષે શું કહે છે તે જોઇએ.)

શ્રી **દિલિપભાઇ દેસાઇ** કહે છે સૌંદર્ય ધામ પોકોનીશ



માઉન્ટનના વનમાં કુદરતી સૌંદર્ય એટલું સમૃદ્ધ છે કે વન–વિશ્રામ નામ સાર્થક લાગે. સાત દિવસ બાળકોની ફૂલવાડીમાં વિવિધ કાર્યક્રમો યોજી જ્ઞાન સાથે ગમ્મત, આધ્યાત્મિકતા અને ધાર્મિક સંસ્કારોથી બાળકોને સજ્જ કરી દીધાં. બાળકોને સાઇકલીંગ કરાવવું, વિશાળ તળાવ (Lake) પર ફરવા લઇ જવું. ત્યાં બોલ વગેરેથી રમવું સાથે સાથે માનાં ગીતો ગાવાં તે સઘળું ખૂબ અદ્‌ભૂત હતું.

તા. ૩–૮–૨૦૧૧ ને દિવસે પૂ.શ્રીમાના ૧૦,૦૦૦ ઉપવાસ થયા. તે દિવસને સાધકોએ મહોત્સવ બનાવી દીધો. તેમણે તેમના મનોભાવો નીચેની પંક્તિમાં સરસ રીતે રજૂ કર્યો છે.

‘હજાર હાથે તમે દીધું તોય ઝોળી અમારી ખાલી,
જ્ઞાનનો ખજાનો તમે લૂંટાવ્યો, તો ય અમે અજ્ઞાની,
તમે મુશળધારે વરસ્યા અમે જનમ જનમના તરસ્યાં,
છતાં અમે રહ્યાં કંઇ તરસ્યાં,
તમે અમૃત થઇને વરસ્યાં અમે જનમ જનમનાં તરસ્યાં.’

**શ્રીમતી રંજના બહેન દેસાઇ** કહે છે લગ્નના ૪૩ વર્ષ પછી પહેલીવાર પીયર આવી હોઉં તેવું લાગ્યું. ચિ. મોક્ષનું બુદ્ધિ ચાતુર્ય જોઇ ગજબનો આનંદ થાય છે, તેની સમજણ અને ચતુરાઇ અપૂર્વ છે. હે મા ! અમે તમારા ખૂબ જ આભારી છીએ કે તમે અમને સત્‌સંગનો લાભ આપ્યો.

**શ્રી રામસિંહભાઇ ખેર** કહે છે. છેલ્લા કેટલા સમયથી હું પ્રકાશના પંથેનું પારાયણ કરું છું. આ મારું ચોથું પારાયણ ચાલુ છે. સંકટ સમયે હું ‘મા પ્રભુ’ને તેમના સ્વરૂપની સમક્ષ મારી હકીકતથી મારા જ ઘરમાં વાકેફ કરું છું અને મદદ અને કૃપા માટે હાથ લંબાવું છું. શિબિર દરમ્યાન માનો સત્સંગ, બાળકો

સાથે રમત ગમત મસ્તી નિયમિત, પ્રાર્થના, સુંદર પુસ્તકોનું વાંચન, સેવાભાવી સત્સંગીઓ સાથે સત્સંગનો જે લ્હાવો મળ્યો તે અવર્ણનીય છે.

**શ્રી રંજનબહેન** કહે છે ફૂલવાડીનાં નાનાં બાળકો નિર્દોષ ભાવથી પ્રાર્થના કરતાં હતાં. ધૂન ગાવા હંમેશાં ઉત્સુક રહેતાં ખૂબ ખુશ હતાં ખૂબ ખીલેલાં હતાં. બાળકોને મઝા કરાવતાં કરાવતાં આપે જે આધ્યાત્મિકતાનું સિંચન કર્યું, તે ખરેખર એક સામાન્ય માતા ના કરી શકે. પૂ.માની હાજરીથી બાળકોને પણ મઝા પડતી.

**શ્રી ગુલાબ બહેન** લખે છે હે મા ! તમારી કૃપા સિવાય વન વિશ્રામમાં ન અવાય. તમારા દર્શન, તમારી સાધના, તમારી સંનિધિનું પરમ સુખ ને પવિત્ર પરમાણુમાં સ્નાન કરવાનું સદ્‌ભાગ્ય મળ્યું. અહીં બાળકોને શું ગમશે તે પ્રમાણે વિચારી તેમની માતાઓ પાસે મા કરાવે છે. બાળકો આખો દિવસ કંટાળી ન જાય તે માટે તેમને વિવિધ પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રાખે છે. બાળકો ક્યાંય દૂર ફરવા જાય તો તેમના સતત સમાચાર મેળવે છે. બાળકોનું જીવનમાં શું મહત્વ છે તે તેમની માતાઓને સમજાવે છે. બાળકો જીવનમાં ન હોય તો! બાળકોના આવવાથી જ જીવનમાં આનંદ આવે છે. કોઇ બાળક તકલીફ આપે તો મા સમજાવતાં કહે છે માંગેલું જ મળે છે. માતાઓને સાચી સમજ આપી બાળ દેવતાઓને પ્રેમથી સંભાળવાની સલાહ આપે છે. જેને બાળક ન હોય તેને જીવનમાં કેટલો ખાલીપો ને મૂંઝવણ હોય છે, તે તેવી માતાઓને પૂછો. આ બધી વાતો મા યુવાન માતાઓને સમજાવે છે.



હે મા ! દશ હજાર ઉપવાસની મંઝિલ તમે એકલે હાથે કાપી. સર્વ સમર્પિત અનન્ય ભક્તનું પ્રભુ કેવું ધ્યાન રાખે છે ! સદા આગળ પાછળ રક્ષા કરવા માટે સાથે જ રહે છે. એનો આનંદ એ મસ્તી તમારાં રચેલાં પદો પરથી જાણી શકાય. તમે આપેલો પ્રેમ અને આનંદ આ પૃથ્વી પર તમારા વિના કોણ આપી શકે? હે વિરાટ માનવ સ્વરૂપ મા! તમને વારંવાર પ્રણામ.

**શ્રી ગોવિંદભાઇ આકોલિયા** લખે છે બાળકો કંઇક પૂર્વ જન્મની કમાણી લઇને આવ્યાં હશે તો જ માના ખોળામાં બાળકોને રમવા જમવા નાચવા ગાવા મળે. બાળકો અહીંયાથી ઘરે ગયા પછી નિયમિત પ્રાર્થના કરે છે, તેવું તેમના માતા પિતા જણાવે છે. બાળકોના વર્તન અને સમજણમાં પણ સુધારો થયો છે. મોર્નિંગ વોક(Morning walk) હું વર્ષોથી કરું છું પણ તે માત્ર Fast walking સિવાય કશું હતું નહીં, પણ મા સાથે મોર્નિંગવોક કરવા ગયા પછી ખબર પડી કે મોર્નિંગવોક શું છે? આપના સાન્નિધ્યમાં રહીને ઘણું ઘણું શીખ્યો છું. તેને વાગોળીશ અને સતત જીવનમાં જાગૃત્તિ રાખીશ. માની ડાયરી વાંચવાથી જીવન જીવવાની સાચી રાહ મળે છે.

**શ્રી કુસુમ બહેન** કહે છે મા, આપ નાના ભૂલકાઓને જે ભાથું આપો છો પ્રેમનું, ભક્તિનું, શૌર્યનું, કૌટુંબિક ભાવનાનું તે ખૂબ જ ભવ્ય છે. પૂ.મા આપ તો પ્રત્યક્ષ પ્રગટ પરમેશ્વર રૂપ જ છો તો જ આપના અખંડિત પ્રેમ પ્રવાહમાં જે બાળકોએ સ્નાન કર્યું તેનું જીવન સાર્થક થઇ ગયું. મા આપે બાળકોને જે પ્રેરણા આપી, જે બીજ વાવ્યાં છે તે વટવૃક્ષ જરૂર થશે. આજે જે લોકો

ધૂન ગવડાવે છે તે ભવિષ્યમાં આપના આશીર્વાદથી ગીતાજીના પાઠ, મહિમ્નના પાઠ, વિષ્ણુ સહસ્રનામ અને ચંડીપાઠના શ્લોકો જરૂર કરશે. ખરેખર ફૂલવાડીના સુગંધિત ફૂલો પૂ.શ્રીના અને આપના શ્રી ચરણોમાં રહે તેવી પ્રાર્થના. બાળકો આદર્શ દેશસેવક, આદર્શ શિષ્ય અને આદર્શ ભક્ત બનશે, એમાં કોઇ શંકા નથી.

(પૃષ્ઠ ૩૧નું અનુસંધાન)

આશ્રમવાસી જેવા ભોજનનો આગ્રહ ને ચાર ચાર વાર ટ્યુમરના ઓપરેશન વખતેની આત્મસ્થિતિની વિગતો જણાવી હતી. એક સાચા અદ્વૈતવાદી છતાં અરૂણાચલ પ્રત્યેના ભક્તિભાવથી રચેલ સ્તુતિ, તેમજ ઉપદેશસારની રચનામાં પોતાની સાધનાનો સમગ્ર નીચોડ—વગેરે વિષે સરસ સમજ આપી હતી.

પ્રો.શ્રી તરલાબહેન ખાસ કષ્ટ ઉઠાવી આ ગોષ્ઠિમાં જે ભાથું પીરસ્યું, તેના પ્રતિસાદ આપતાં શ્રી જ્યોત્સનાબહેન, શ્રી કલ્યાણ અને શ્રી નારાયણભાઇ જાનીએ વ્યક્તવ્યો રજુ કર્યાં. શ્રી તરલાબહેન એક સરસ ઉચ્ચ સાહિત્યીક પ્રતિભા ધરાવતાં, વ્યાખ્યાતા અને સાધક હોવા છતાં ખૂબ નમ્ર ને સરળ છે. પૂ.મા સર્વેશ્વરી પ્રત્યેનો તેમનો ભક્તિભાવપૂર્ણ અહોભાવ તેમના વ્યવહારમાં સતત છતો થયા વિના રહી શકતો નથી.



# મા ગંગા અને પહાડી સૌંદર્યનું અદ્ભુત સ્થળ ફૂલચટ્ટી

– અનીતા કણઝરિયા

અનીતા શ્રી યોગેશ્વર પરિવારમાં ઉમેરાયેલું નવું પાત્ર છે. ભાઇ નિલેષ સાથેના લગ્ન પછી પૂ.માના સાન્નિધ્યમાં હરિદ્વાર પ્રથમવાર આવી અને પૂ.માએ તેને ગંગા કિનારાના સ્થાન ફૂલચટ્ટી મોકલી. આ સ્થાનનું અદ્ભુત સૌંદર્ય જોઇ તેના મનમાં જે પ્રતિભાવો ઉઠ્યા તેમને તેણે આ લેખમાં વાચા આપી છે.

શ્રી અનીતાએ ગુજરાતીમાં માસ્ટર ડીગ્રી મેળવી છે.

– તંત્રી

જેમ—'વહેતા જળ નિર્ઝળા
ખાબોચિયે ગંધાય તેમ
હૃદય ધબકે તો માણસ
નહિતર મડદુ કહેવાય.'

ઉપર્યુક્ત પંક્તિ 'ફૂલચટ્ટી'નાં નામને જાણે કે સાર્થક કરી રહી છે. 'ફૂલચટ્ટી' એ એક અવર્ણનીય આકર્ષણનું કેન્દ્ર બની સૌ સજીવોનાં હૃદયમાં જાણે કે હૃદયરૂપી ધબકાર બની રહ્યું છે. અહીંના સ્થાન પર મા ગંગાનો વહેતો પ્રવાહ તો માત્ર મનુષ્યોનાં જ નહીં પરંતુ સૌ સજીવ સૃષ્ટિનાં મનને મંત્રમુગ્ધ કરી દેતો જણાય છે. ખલખલ વહેતું પાણી, મોટી મોટી શીલાઓ, એ જ શીલાઓ પરથી પાણીનું પડવું, આગળ વહેવું, બીજી શીલા પર જઇ ત્યાંથી આગળ વધવું, એ જાણે કે આપણને કહી રહ્યું છે કે ધ્યેય પ્રાપ્તિ કરવી હોય તો આવી નાની—મોટી શીલાઓ રૂપી

અવરોધો તો આપણા જીવનમાં આવવાનાં જ. આ મુશ્કેલીઓને પાર કરવી એનું જ નામ છે જીવન.

'ફૂલચટ્ટી' એ પહાડોની વચ્ચે હરિદ્વારથી ઋષિકેશ જતાં થોડું અંદરના ભાગમાં આવેલ સ્થાન છે. તેથી મનમાં થાય છે કે જાણે દસે દિશાઓ મળીને ગંગા માતાનાં વહેતા પ્રવાહને પ્રોત્સાહન રૂપી આનંદ આપી રહ્યાં છે. આ પહાડો જ જાણે કે અહીંના સ્થાનમાં વસ્ત્રો બની ગયેલા જણાય છે. તેમાં વળી જેમ સોનામાં સુગંધ ભળે તેમ લીલા લીલા નાના મોટા વૃક્ષો પહાડોને વસ્ત્રો પહેરાવતાં હોય તેવું જણાય છે. પહાડો પર રહેલ વનસ્પતિ સૃષ્ટિ જાણે કે પહાડોને જ લીલા વસ્ત્ર પહેરાવતાં ન હોય! આ વૃક્ષો પર રહેલા પુષ્પો—ફળો આદિ પર સૂર્યનાં કિરણો પડવાને કારણે હીરાની જેમ ચમકી રહ્યાં છે. આથી એવું લાગે છે કે જાણે આ પર્વતો એ જ નવયૌવનાનું રૂપ ધારણ કર્યું ન હોય!

અહીં મા ગંગાનો પ્રવાહ જ એવો ધસમસતો વહે છે કે જરા ચૂક્યા તો ક્યાંના ક્યાંએ લઈ જાય.

આ સ્થાન મારા મનને એટલી હદે સ્પર્શી ગયેલ છે કે મને એવું લાગે છે કે હું અહીં જ બેસી રહું ! ખલખલ વહેતા ગંગામાના પ્રવાહને નીહાળ્યા જ કરું; બસ, જોયા જ કરું પહાડોનાં અલૌકિક સૌંદર્યને બસ અનિમેશ નેત્રોથી પીધાં જ કરું એટલે જ્યારે પણ મારી આંખ ઉઘડે ત્યારે મારી દૃષ્ટિ સમક્ષ આ જ દૃશ્ય ઉભરાઈ આવે – "આંખ મારી ઉઘડે ત્યાં ફૂલચટ્ટી હું દેખું, ધન્ય મારું જીવન કૃપા પૂજ્ય માની લેખું" – આ ભજન અહીં મારા હૃદયને સ્પર્શી ગયું તથા સહજ રીતે જ સ્ફુરિત થઈ આવ્યું.



"આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતનાં
ફૂલો એ બીજું કંઈ નહીં પણ પગલાં વસંતનાં..."

મને અહીં મોકલવા બદલ પૂ.મા તથા બંને મમ્મી, પપ્પા, પતિ તથા ભગવાન શ્રી દ્વારકાધીશજી આ સર્વેનો હૃદયપૂર્વક આભાર માનું છું.

પૂજ્ય માની પ્રેરણા વગર કશું જ થઈ શકતું નથી તેથી મને અહીં 'ફૂલચટ્ટી' મોકલવા પાછળનો પૂજ્ય માનો આશય હું જાણી નથી શકી અને જાણી શકું પણ ક્યાંથી? કેમ કે એક આત્મા ક્યારેય પરમાત્માનો તાગ કાઢી શકતો નથી, તણખલું ક્યારેય વૃક્ષને પહોંચી શકતું નથી, તેને પ્રાપ્ત કરી શકતું નથી, છતાં પણ મને અહીં પૂજ્ય માનું સાન્નિધ્ય મળ્યાનો અંતરથી અનેરો આનંદ ઉભરાઈ આવે છે. માટે હું પૂજ્ય માને એટલું જ કહીશ કે હે મા ! મને વારંવાર આવાં સૌંદર્યથી સભર સ્થાનોમાં મોકલતાં જ રહેજો. અને તમારી કૃપાદૃષ્ટિ અમારી પર સતત વરસાવતાં રહેજો. પ્રણામ મા ! પ્રણામ મા !

આજનો દિવસ યાદગાર બની ગયો. ધોળે દિવસે જાણે સ્વર્ગનાં જ દર્શન કર્યાં. કહેવત છે ગુજરાતીમાં "આપ મર્યા વિના સ્વર્ગે ન જવાય." પરંતુ આ કહેવત મારા માટે ખોટી પડી હોય એવું મને જણાયું, હું તો જાણે સૌંદર્યધામ સ્વર્ગમાં સદેહે જઈ આવી હોઉં એવું લાગ્યું !

# પ્રશ્નોત્તરી—સાચી સુધારણા

– યોગેશ્વરજી

પ્રશ્ન : એક જ જન્મમાં મુક્તિ મળી શકે કે અનેક જન્મમાં? મને લાગે છે કે અનેક જન્મમાં ધીરે ધીરે વિકાસ કરવાથી મળતી હશે.

ઉત્તર : એ બરાબર છે કે વિકાસ કરવાથી જ મુક્તિ મળે છે. પરંતુ તે એક જન્મમાં કે અનેક જન્મમાં થશે તે તમારા પર આધાર રાખે છે. ધોળકા અહિંથી માંડ ૪ ગાઉ કહેવાય છે પણ ધીમેધીમે ચાલો તો સાંજસુધીમાં માંડ પહોંચી શકો. પરંતુ સારીપેઠે ચાલવા માંડો તો ત્રણ કલાક તો પૂરતા થઇ પડે! એવી જ રીતે મુક્તિનું છે. જો ધર્મ ને નીતિથી ચાલો, ને ખંતથી પુરુષાર્થ કરો તો એક જન્મમાં પણ મુક્તિ કે પૂર્ણતા મેળવી શકો, ને તેમ ના કરો ને ઉલટું અધર્મપરાયણ બનો તો અથવા ધીમો વિકાસ કરો તો અનેકાનેક જન્મો લાગી જાય. એટલે તો કહ્યું છે કે तद्दूरे तद्वन्तिके। એટલે કે તે દૂર પણ છે ને પાસે પણ છે. સજ્જન સાધકને માટે પાસે છે ને દુર્જનને માટે દૂર. પુરુષાર્થીને પાસે ને પ્રમાદીને દૂર. એવી રીતે તેનો ભાવાર્થ સમજવાનો છે.

પ્રશ્ન : અમારે સુધારક થવું છે તો કેટલીક સલાહ આપવા કૃપા કરો.

ઉત્તર : હું શું સલાહ આપું? તમારી જાતે જ્યાં લગી સલાહ નહીં મેળવો ત્યાંલગી સાચા સુધારક થઇ શકશો નહીં. પહેલાં તમારી જાતને સુધારો. તમારા દુર્ગુણોને દૂર કરો. અહંતા, મમતા, રાગદ્વેષ, એ બધાથી મુક્ત બનો. તે પછી બીજાને



આપવાનું તમારી પાસે શું છે તે નક્કી કરો. તે પછી જ જે કંઇ હોય તે માન, પ્રતિષ્ઠા કે લક્ષ્મીની લાલચ વિના કેવળ ઈશ્વરના હાથના હથિયાર બનીને બીજાનો સુધાર કરવાનો પ્રયાસ કરો. તો તે સારી રીતે સફળ થઇ શકશે ને શોભશે. તમે સુધારક ના બનો તેમ હું ઈચ્છતો નથી. પણ સુધારો તમારી અંદરથી જ શરૂ થવો જોઇએ એટલું જ મારે કહેવાનું છે. સૌથી પહેલી ને મહત્ત્વની સલાહ આ છે. બીજી સલાહ તે પછી જ આપી શકાય તેમ છે.

## અંતરનો અવાજ

પ્રશ્ન : ઈશ્વરને મેળવવા સૌથી પહેલાં શું મેળવવું જોઇએ?

ઉત્તર : સૌથી પહેલાં ને પછી પણ ઈશ્વરને માટેની તરસ જગાવવી જોઇએ. તો બેડો પાર થઇ જાય.

પ્રશ્ન : અંતરના અવાજ પ્રમાણે માણસથી ઘણી ઈચ્છા હોવા છતાં કેમ નહીં ચલાતું હોય?

ઉત્તર : તમે જેને અંતરનો અવાજ કહો છો તેને બદલે અંતરની ઈચ્છા એવો શબ્દપ્રયોગ કરવો જોઇએ. કેમકે અંતરનો અવાજ તો ફક્ત યોગી ને ભક્તપુરુષોને પ્રાપ્ત થાય છે. ને તે પ્રમાણે ચાલ્યા વિના રહી શકાતું જ નથી. સાધારણ માણસો પોતાના મનસુબા પ્રમાણે જીવી શકતા નથી, અથવા પોતાના અંતરની ઈચ્છા પ્રમાણે વર્તી શકતા નથી તેનાં બાહ્ય કારણ ગમે તે હોય, તેનું મૂળ કારણ તો મનની નિર્બળતા જ છે. મનની નિર્બળતાને લીધે માણસ પોતાના સંકલ્પમાં દૃઢ રહી શકતો નથી, તેમજ વાતાવરણ વગેરેની અસરથી ડગમગી જાય છે. એટલે સૌથી મુખ્ય ઉપાય મનને મજબૂત બનાવવાનો છે. મન મજબૂત બનવાથી તમને તમારી જાતમાં અડગ શ્રદ્ધા ઉત્પન્ન થશે, ને આ

શ્રદ્ધાથી તમારી ઇચ્છા પ્રમાણે પુરુષાર્થ કરવાનું બલ તમે મેળવશો. વાતાવરણ પ્રતિકૂળ હશે તો પણ તમારી દૃઢ ઇચ્છા શક્તિથી ધીરે ધીરે અનુકૂળ બની જશે, ને ગમે તે પ્રકારે તમને સહાયતા મળી જશે.

ગાંધીજી જ્યારે સત્ય ને અહિંસાદ્વારા આઝાદી મેળવવા નીકળ્યા ત્યારે લોકો તેમના પ્રત્યે શંકા ને આશ્ચર્યથી જોવા લાગ્યા. પણ ગાંધીજીનું મનોબલ ખૂબ મહાન હતું. એક વિદેશી પત્રકારે તેમની મુલાકાત લઇ એકવાર તેમને પૂછ્યું, શું તમે આઝાદીની લડતમાં સફલ થઇ શકશો એમ તમને લાગે છે? ગાંધીજીએ કહ્યું કે 'મને તેવી શ્રદ્ધા છે.' તેનું કારણ શું? પેલા પત્રકારે તરત બીજો પ્રશ્ન પૂછ્યો, ગાંધીજીએ કહ્યું, 'કારણકે ઈશ્વર દયાલુ છે. મને તેની દયા ને તેના ન્યાયમાં વિશ્વાસ છે.' આ મહાનપુરુષે આવા દૃઢ મનોબલને લીધે જ ધારેલું કામ પૂરું કર્યું તે હવે તો ઇતિહાસપ્રસિદ્ધ વાત છે. જેમ મોટા પ્રસંગોમાં તેમ નાની વાતોમાં પણ મનોબલ અગત્યનો ભાગ ભજવે છે. આ મનોબલને કેળવો. મનની નબળાઇને ખંખેરી કાઢો. પછી તમારી ઇચ્છા પ્રમાણે વિકાસ જરૂર કરી શકશો.

ગાળ દેનાર પ્રત્યે પણ એ ભાવ રાખો કે, 'હે પ્રભુ! આ રૂપે પણ તું જ છે. નમસ્કાર.

આસુરી તત્ત્વો પ્રભુ કરતાં બળવાન નથી.

—યોગેશ્વરજી



# પનામાનો પુણ્ય પ્રવાસ

—મા સર્વેશ્વરી

### પનામા ૫/૮/૦૫ શુક્રવાર

હોલમાં આજે પણ સમૂહ પ્રણામ થયા. સૌ કરે છે. જાણે પ્રણામ એક સામુહિક આરાધના છે પૂજન છે.

સૌ યથાશક્તિ પ્રણામ પૂજા કરી રહ્યા છે. પનામાની સ્કૂલ–કોલેજોમાં ૧૫ દિવસનું વેકેશન છે. ૫૦, ૬૦, ૭૦ હાઇસ્કુલ–કોલેજના બાળકો આખો દિવસ કાર્યક્રમમાં હાજર રહીને લાભ લઇ રહ્યા છે. એ સૌ વિશ્વાસ સમયે મા ના મંચની ફરતે. મા જોડે વાતો કરવા એકથી એક ચઢે તેવી જિજ્ઞાસાથી વીંટળાઇ વળે છે. કેટલાંકે નોટમાં માના હસ્તાક્ષરોમાં સંદેશો માંગ્યો છે. કેટલાક કહે મા યાત્રા કરાવો, કેટલાક કહે મા અમારી સાથે ખાસ અમને જ બધાને સમય આપો.

યુવાધન જાણે ભવિષ્યની એક આશા છે. માને પણ એ જગત ગમે છે. એમની મિત્રભાવે વાતો કરીને એમને ટી.વી. કોક, મીટ, મિત્રોથી રક્ષવાની સહજ વાતો થઇ રહી છે.

આજે પ્રથમ વિશ્રામમાં મા ઘરે નથી આવતાં. ત્યાં જ બેઠાં છે. થોડી માળા થઇ છે. થોડી વાતો થઇ છે.

ગઇકાલે એક બેન માને લીલારંગનું અગરબત્તી જેવું પેકેટ પ્લીસ્ટીકની બેગવાળું આપે છે મા એ તે પેકેટ છેક રાતે ખોલ્યું તો તેમાંથી એક સરસ ઘડિયાળ નીકળી.

એ બેન અગરબત્તી જ આપે છે એમ માની મા તે સ્વીકારે છે.

હવે તે બેનને આજે એ પેકેટ પાછું આપવાનું છે. જાહેરમાં મા પૂછે છે હોલ તો આજે ૫૦૦–૬૦૦ ભક્તોથી ઉભરાઇ રહ્યો છે. છેક સાંજે તે બહેન કોણ તે શોધી શકાયું છે. એથી મા તે ઘડિયાળનું પેકેટ શ્રી કાન્તાબહેનને આપી દે છે.

આપણને મળેલી ભેટ જો ગમે તો રકમ આપીને રાખી શકાય. મફત ભેટ લઇને શું કરવું? વરસોથી મા આ નિયમ પાળે જ છે.

હાશ થઇ ગઇ. જેમણે આપી હતી તે બહન કોલોન રહે છે, ત્યાં તે પાછી પહોંચાડી દેશે.

આજે શકુબહેન ખૂબ ભાવવિભોર બની વાર્તાલાપ આપે છે. જનની જોડ ગવડાવે છે. અરે, સૌને જગાડે તેવો વાર્તાલાપ આપે છે.

શ્રી સુરેશભાઇ અને શ્રી પીયૂષભાઇ પણ વાર્તાલાપ આપે છે. યાસ્મીન, હિતેષુ પણ બોલે છે.

આજે પ્રશ્નોત્તરીના લગભગ ૩૦–૪૦ પ્રશ્નો છે. બાળકો જ પૂછે છે. સરસ પ્રશ્નો છે. માત્ર પ્રશ્નો જ વાંચવામાં આવે છે.

આજે દીપ્તી, હિતેષુ, યાસ્મીન પણ બોલે છે. ગુલાબબહેન સૌનો આભાર માને છે.

ધ્યાન, ડી.વી.ડી. યથાવત છે. આજે સાયકલયાત્રા સૌ જુએ છે. સાંજે કલાક સને ૧૯૯૧ની માની ભજનની મોજ પણ સૌ માણે છે. જેવી કેસેટ બંધ થઇ એટલે આખો હોલ જાણે નારાજ થઇને મા ચાલુ રાખો એવી વિનંતી કરતો હતો.

આજે ગુલાબબહેન સૌનો આભાર માને છે. સૌને ૧ સ્મૃતિચિહ્ન ને પ્રસાદ આપે છે.



આજે પનામાના બાળકોના રાસ, નાટક, સરસ હતા. દશરથાચલની યાત્રા ઉપર ૦॥ કલાક નાટક હતું. સરસ વાતો વણી લીધી હતી. શ્રી ગુલાબબહેને જ કથાવસ્તુ લખી હતી.

બાળકોને મા દશરથાચલ આવવા આમંત્રણ આપે છે.

આજે તીર્થ, નમન જેવા નાનકડા બાળકોએ શ્રીરામ, શ્રી શિવ, શ્રી કૃષ્ણનો પાઠ સરસ ભજવ્યો.

આજે કાર્યક્રમને અંતે મા પાનામા, કેનેડા, અમેરિકા, ભારત ચાર દેશના રાષ્ટ્રગીત ગવડાવે છે. ચાર દેશના વતનીઓએ અહીં ભાગ લીધો છે. તો ચાર દેશનું મંગલ થાઓ.

પનામા અને ભારતના રાષ્ટ્રગીત જાણે આખો હોલ ગાતો હતો. સ્પેનીશમાં સૌ પનામાનું ગીત ગાતા હતા.

પાંચ દિવસનો કાર્યક્રમ જાણે સહજ રીતે, સરળતાથી, આનંદથી, રક્ષાયેલો રહ્યો.

દિવ્યેશ, બીના, શ્રી ગુલાબબહેનને જાણે હજારો હાથથી શ્રી હરિએ સહાય કરી. વિશાળ સેવક સ્વજન વર્ગ દિવ્યેશ–બીનાની પડખે હતો. સફળ કાર્યક્રમ રહ્યો.

અહીંના મંદિરમાં અને હરેકૃષ્ણ મંદિરમાં પધારવાનું આમંત્રણ મળ્યું છે. બન્ને જગ્યાએ જઇશું. હરિની ઇચ્છા હશે તો.

પનામા ૫ દિવસ શું કરીશું એ પ્રશ્ન હતો. પણ સરસ કાર્યક્રમ થયો. ભક્તોએ મોટી સંખ્યામાં ભાગ લીધો.

યૂથકેમ્પ પણ કરવા જેવો છે. અને પનામાને લાભ મળવો જોઇએ એ સત્ય અનુભવવા મળ્યું.

આજે કેટલાક યુવાનો કોક છોડવા માટે મા પાસે આવ્યા છે. માએ કહ્યું કાલે મળીશું. એક રાત હજી પાકું વિચારવાની તક છે.

પૂ.શ્રી તરફથી આ મહાત્મા ગાંધી હોલને મા ૧૦૦૦ ડોલર ભેટ આપે છે. સહજ નિયમ છે. જ્યાં યોગ્ય લાગે ત્યાં ત્યાં તે તે લક્ષ્મી તે તે ધરતીને અર્પણ કરીને ઋણમુક્તિનો આનંદ માણવાનું બન્યા કરે છે.

આજે ૪૦ પ્રશ્નો છે મા કહે છે આવતી કાલે ૩ થી ૫ સત્સંગમાં વિચારીશું.

આજે લગભગ ૮:૩૦ વાગે કાર્યક્રમ પૂર્ણ થયો. મા પ્રથમવાર આજે ૬૨ વિદેશી ભક્તોના વિશ્રામસ્થાને ૧૦ વાગે જાય છે. ૧૦ થી ૧૧:૧૫ ત્યાં સૌને મળે છે. ૭—૮ ભક્તો વાર્તાલાપ આપે છે.

આજે શ્રી મારીયો અને શ્રી રીકાર્ડો આખો દિવસ હતા. શ્રી મારીયો તો આ મોટલની રાતની બેઠકમાં વાર્તાલાપ પણ આપે છે. શ્રી મારીયો હિન્દુધર્મ તરફ કેવી રીતે વળ્યો તેની વાતો કરે છે. છેક ૧૧:૩૦ વાગે ઘરે પાછા આવી જવાનું બને છે.

પનામાનો આ વિસ્તાર સ્વચ્છ છે. મોટલનો એરીયા પણ સ્વચ્છ છે. આ ઘર પણ શહેરમાં જ આવ્યું છે. પણ શાંત વિસ્તાર છે.

રાતે આવીને નોંધ લખી છે. શ્રી ગુલાબબહેન માના ઓરડામાં બેસીને વાંચી રહ્યાં છે.

આજે સૌને એક પ્રકારની હળવાશ છે. એક મંગલ મહોત્સવ વિનાવિઘ્ને સફળ થઇ ગયો.



એક નવો યુવાવર્ગ બહેનોનો જાણે માની આસપાસ વીંટળાઇ વળ્યો છે. પનામાની ધરતીમાં જાણે સહજ નિઃસ્વાર્થ પ્રેમનો પ્રતિસાદ પ્રાપ્ત થયો છે.

શ્રી વસંતભાઇની સહજ ઇચ્છાનો આ પૂર્ણ પ્રત્યુત્તર હતો.

પાંચ દિવસ સૌ ઉત્સાહ ને શ્રદ્ધાથી સંપન્ન બની બધા જ કાર્યક્રમમાં હાજર રહ્યા.

આ સર્વ સફળતા પાછળ શ્રી હરિની સર્વોત્તમ સહાય, અખંડ સાંનિધ્ય ને અલૌકિક કૃપા જ કામ કરી ગઇ.

કોણ એ સમજે! શ્રી હરિના હજાર અદશ્ય હાથે હજારો કૃપાના ધોધ વરસતા રહ્યા. હે હરિ! આપ ધારો ત્યાં ધારો તે રીતે સર્વ સફળતા ધરી શકો છો.

પ્રભુ આપના આ સાફલ્ય સ્વરૂપને પ્રણામ, પ્રણામ, પ્રણામ.

હળવા થાઓ, ખાલી થાઓ ને ભરાઇ જાઓ પ્રભુ પ્રીતથી. **—મા**

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

# રસેશ્વરી

(ગતાંગથી ચાલુ) —શ્રીયોગેશ્વરજી

જમણા હાથે ઉપાડેલા એ ભીમકાય ધનુષના નિમીષમાત્રમાં જ ટૂકડા થઇ ગયા.

કૃષ્ણે એને જમીન પર નાખી દીધું.

આજુબાજુના બધા જ વાતાવરણમાં ધનુષ તૂટવાથી થયેલો ભારે અવાજ ફરી વળ્યો.

એ અદશ્યપૂર્વ અસાધારણ દશ્યને દેખીને દર્શક નરનારી એકદમ આશ્ચર્યચકિત બની ગયાં.

કૃષ્ણને ઓળખી કાઢતાં એમને વાર ન લાગી.

એમનું અવલોકન એમને માટે આંખના અલૌકિક આનંદરૂપ થઇ પડ્યું.

ધનુષના તૂટવાથી રોષે ભરાયેલા રક્ષકો કૃષ્ણને પકડવા કે કેદ કરવાનો પ્રયાસ કરવા લાગ્યા, પરંતુ કૃષ્ણે એ પ્રયાસને નિષ્ફળ બનાવ્યો.

કૃષ્ણે અને બળરામે ધનુષના ટુકડાઓની મદદથી એમને મારી નાખ્યા.

એવી રીતે પોતાના મથુરાપ્રવેશને ઉત્સવમય બનાવીને કૃષ્ણ તથા બળરામ શહેરના રમણીય રાજમાર્ગ પર ફરવા લાગ્યા.

બીજે દિવસે મધ્યાહ્ન સમયે નિયત વખતે સભામંડપ દર્શકોની ભીડથી ભરાઇ ગયો.

સરદારો, સામંતો, દરબારીઓ અને બીજા નગરજનો તથા આમંત્રિતો પોતપોતાના નિશ્ચિત સ્થાને બેસી ગયા.



સભામંડપમાં સ્ત્રીઓને બેસવાનું સ્થાન એક તરફ અથવા અલગ હતું. ત્યાં શહેરની જુદા જુદા વર્ગની પ્રતિષ્ઠિત સ્ત્રીઓ બેઠી.

સભામંડપનું શિલ્પ તથા સૌંદર્ય અત્યંત અનુપમ હતું.

સમસ્ત સૃષ્ટિનું શિલ્પ છેક જ સૌંદર્ય ત્યાં એકઠું થયું હોય એવું લાગ્યા કરતું.

એના મુખ્ય દ્વારથી માંડીને કંસના રાજસિંહાસન સુધી લાલ રંગની મહામૂલ્યવાન જાજમ બિછાવવામાં આવેલી. એને લીધે એની શોભા અને આકર્ષકતા અનેકગણી વધી ગયેલી.

સુયોગ્ય સમયે સભામંડપમાં આવેલા કંસનું રાજપુરુષોએ ઊભા થઈને સ્વાગત કર્યું.

કંસ એથી સ્વાભાવિક રીતે જ પ્રસન્ન થયો, પરંતુ એની પ્રસન્નતા ક્ષણજીવી નીવડી.

એ સિંહાસન પર વિરાજીને સભામંડપનું અહંકારપૂર્વક અવલોકન કરવા લાગ્યો એ જ વખતે આયુધાગારના પ્રહરીઓએ આવીને ધનુષનો ભંગ થયાના ને કૃષ્ણના અસાધારણ પરાક્રમના સમાચાર કહી સંભળાવ્યા.

એ સાંભળતાં જ કંસનું કાળજું કંપી ઊઠ્યું.

એના મુખ પરનો રહ્યોસહ્યો આનંદ પણ ઊડી ગયો.

એની ચિંતા તથા વ્યથા વધી ગઇ.

જેમતેમ કરીને એણે પોતાના મનને સ્વસ્થ રાખ્યું ને કહ્યું :

'એ કૃષ્ણના પરાક્રમને નજરે નિહાળવાની ઇચ્છાથી તો મેં આ વિશાળ સમારંભનું ને કુસ્તીનું આયોજન કર્યું છે, જ્યાં સુધી નજરે નહીં જોઉં ત્યાં સુધી મને એના પરાક્રમની પ્રતીતિ નહીં થાય.'

ભાટ એની સ્તુતિ કરવા લાગ્યા ને વિવિધ વાદ્યો એના સ્વાગતમાં વાગી ઊઠ્યાં.

ચાણૂર, મુષ્ટિક, કૂટ, શલ, તોશલ જેવા પહેલવાનો વાદ્યોના સુમધુર શબ્દોથી ઉત્સાહિત થઇને અખાડામાં બેઠા.

નંદ અને અન્ય ગોપો પણ કંસના આમંત્રણને માન આપીને ત્યાં આવી પહોંચ્યા.

થોડી વાર પછી વાદ્યો બંધ થયાં ને સર્વત્ર શાંતિ છવાઇ ગઇ.

દર્શકો કાર્યક્રમના આરંભની પ્રતીક્ષા કરવા લાગ્યા.

કોઇ સભામંડપની શોભા તથા કળાનાં વખાણ કરતા, કોઇ કંસના વૈભવની વાતો કરતા, તો કોઇ કૃષ્ણના અદ્‌ભુત પરાક્રમની કલ્પના કરતા સમયને નિર્ગમન કરવા લાગ્યા.

કંસની દૃષ્ટિ રંગભૂમિના પ્રવેશદ્વાર પાસે ઊભેલા કુવલયાપીડ હાથી તરફ મંડાઇ.

એ દૃષ્ટિ કૃષ્ણને જોવા ને હાથી દ્વારા કૃષ્ણનો નાશ થતો નીરખવા આતુર બની.

એના મનમાં ભાતભાતના ભાવો અને મનોરથો પેદા થવા માંડ્યા.

ત્યાં તો કોમળતા અને કમનીયતાની મૂર્તિ જેવા કૃષ્ણ ગોપમંડળ સાથે એ વિશાળ પ્રવેશદ્વાર પાસે આવી પહોંચ્યા.

એમનું મુખ અતિશય આનંદયુક્ત હતું.

કંઠમાં સુંદર સુમનોની માળા હતી.

શરીરે સુંદર સુશોભિત વસ્ત્રો પહેરેલાં.

ભાલ ચંદનચર્ચિત હોવાથી અત્યંત આકર્ષક લાગતું.



સૌંદર્ય જાણે સાકાર બનીને આવી પહોંચ્યું હોય, પરાક્રમ જાણે મૂર્તિમંત થઇને પ્રકટ થયું હોય, એવું લાગવા માંડ્યું.

ત્યાં એકઠાં થયેલાં સ્ત્રીપુરુષોનું ધ્યાન સ્વાભાવિક રીતે જ એમની તરફ ખેંચાયું.

સૌ એમને સંમોહિત નજરે જોઇ રહ્યાં.

સૌના અંતરમાં આનંદનો અર્ણવ ઊછળવા લાગ્યો.

પરંતુ એ આનંદ અસ્થાયી ઠર્યો; ક્ષણમાત્રમાં જ ઊડી ગયો.

પ્રવેશદ્વાર પાસે ઊભેલા કુવલયાપીડ હાથીને અંકુશ મારીને સૌના વિસ્મય વચ્ચે મહાવત કૃષ્ણ પર હુમલો કરવા માટે વિવશ કરી રહેલો !

કૃષ્ણે પરિસ્થિતિને પામી જઇને મહાવતને લલકાર્યો.

પરંતુ મહાવતને કંસની આજ્ઞા પ્રથમથી જ પ્રાપ્ત થઇ ચૂકી હોવાથી એ કૃતનિશ્ચય હતો, એટલે એણે હાથીને કૃષ્ણની દિશામાં દોડાવ્યો.

**(ક્રમશઃ)**


**✻ સ્થાપત્ય કન્સ્ટ્રક્શન ✻**

**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.